March 2025

# પાટણ પ્રતિબિંબ
# PATAN PRATIBIMB


જ્ઞાન * દર્શન * ચારિત્ર
શ્રી પાટણ જૈન મંડળ
ESTD. 1912
સેવા * સહકાર * સંગઠન
Shree Patan Jain Mandal
ISO 9001 : 2015 CERTIFIED

Year 20 • Issue 06 / 229
• Mumbai • Page 24 • Price Rs. 2/-
• RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

**શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર**

ટેલિફોન: 22811346 • 22811218 • Mobile: 8779161209 • www.patanmandal.org • Email : patanmandal@gmail.com

## પ્રમુખ સ્થાનેથી...



**મારા સ્નેહી પરિવારજનો,**

**દાનેશ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા)**

**પ્રણામ !**

માનવ જીવનને ધબકતું રાખે છે પર્વો અને તહેવારો. આ પત્ર હું લખી રહ્યો છું ત્યારે હિંદુ ધર્મનો પવિત્ર પર્વ હોળી-ધૂળેટી ઉજવાઈ ગયો છે.

**''હોળી એટલે આગ ધૂળેટી એટલે રાગ**
**હોળી એટલે તેજ, ધૂળેટી એટલે રંગ...''**

હોળીની અગ્નિમાં આપણી ભીતરમાં રહેલા કષાયોને હોમી દેવાનો સંદેશો છૂપાયેલો છે તો બીજા દિવસનો ધૂળેટીનો ઉત્સવ ગુલાલથી એકબીજાને રંગી ને **પ્રેમ અને મૈત્રી સાથે જીવનમાં વસંતોત્સવ લાવનારો ઉત્સવ છે. આપ સર્વેને ધૂળેટીની શુભેચ્છા પાઠવતા સહુના જીવનમાં વસંત આવી રહે.** 'આજની ઘડી તે રળિયામણી'ને સાર્થક કરતાં મારે આપ સહુને મારી કલમ દ્વારા આપણે જે નવા કાર્યનો શુભારંભ કર્યો છે તેને વિશે માહિતગાર કરવાની મારી ઈચ્છા છે.

**લોનાવાલા 'હોલી ડે હોમ'નું** કાર્ય પૂરજોશમાં ચાલુ છે, હવે **નવગ્રહ જિનાલયમાં પ્રતિષ્ઠિત કરવામાં આવનાર નવગ્રહ મુજબના નવ પ્રતિમાઓ ભરાવવા માટે બે વખત જયપુર જઈને આવ્યા છીએ.**

**આ સાથે મને જણાવતાં આનંદ થાય છે કે લોનાવાલા જિનાલય માટે Religious Trust - Shree Patan Jain Sangh Foundation નાં નામથી Registered કર્યું છે.** જેમાં દેવ-દ્રવ્ય અને સર્વ સાધારણનું એમ બે **Account, HDFC Bank** માં ખોલાવ્યા છે. જિનાલય માટે દેવદ્રવ્યની સ્કીમ બનાવી છે. તેની માહિતી 'પ્રતિબિંબ'ના આજ અંકમાં અંદરના પેજ પર આપેલી છે. તો આપ સહુ જરૂરથી વાંચજો, ધ્યાનમાં લેશો, આ દેવ–દ્રવ્યની સ્કીમમાં આપણાં પાટણના દરેક મહોલ્લાઓમાં જિનાલયોમાંથી પણ વહીવટ કરનાર ટ્રસ્ટીઓ લાભ લેશે તેવી આશા છે અને સાથ-સહકાર આપવા વિનંતી છે. **લોનાવાલાનાં નવગ્રહ જિનાલયમાં પણ સ્કીમ** મુજબ નામ આપવામાં આવશે. અંદાજીત **રૂા. ૮ કરોડ (8 CR)** ની આસપાસનો ખર્ચો આવશે. જિનાલય મકરાણાના વ્હાઈટ માર્બલથી બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે.

**દહેરાસરના ગર્ભ ગૃહમાં (ગભારામાં) દેવકુલિકામાં રત્નના નીલવર્ણના મલ્લિનાથ ભગવાન** ભરાવવાના છીએ જેમણે આ લાભ લેવો હોય તો આ લાભ **૧.૨૫ કરોડમાં** આપવાનો છે જેમાં **૧ કરોડ પ્રોજેક્ટમાં અને ૨૫ લાખ મૂર્તિ ભરાવવાનો, પ્રતિષ્ઠા કરવાનો અને સર્વ સાધારણમાં વપરાશે.**

દહેરાસર અને રત્નમય મૂર્તિઓના કાર્ય માટે મારી સાથે **શ્રી દેવેશભાઈ આર.શાહ** (સેક્રેટરી), **શ્રી ધર્મેશભાઈ જશવંતલાલ શાહ** (લીંમડીનો પાડો), **શ્રી જીગરભાઈ ગીરીશભાઈ શાહ** (કનાસાનો પાડો) **શ્રી મિતેશભાઈ સુરેશચંદ્ર શાહ** (શામળાજીની શેરી) જયપુર આવ્યા હતા.

જયપુર અને મકરાણા ત્રણ દિવસ રોકાયા હતા. ત્યાં મૂળ વતન દિઓદરના અને પાટણમાં આપણી **સ્કૂલ બી.ડી.એસ.વી.માં ભણેલા શ્રી અલ્પેશભાઈ જૈનનો** પરિચય થયો અને **White Marble મકરાણાનું** કામ તેમની સાથે નક્કી કરી, ચર્ચા વિચારણા કરીને સોંપવામાં આવ્યું છે. તેમનો Refrance અમને **શ્રી રાકેશભાઈ સુરેન્દ્રભાઈ ચૌધરી** જેઓ ઈર્લા ખાતે સર્વોત્તમ સોસાયટીમાં રહે છે, તેઓએ આપ્યો હતો. **શ્રી રાકેશભાઈ** પણ સુરતમાં સ્વદ્રવ્યથી પોતાનું એક જિનાલય બનાવી રહ્યા છે, તેઓએ પણ **શ્રી અલ્પેશભાઈ જૈનના** કામની પ્રસંશા કરી હતી, પાલીતાણામાં નંદપ્રભાની બાજુમાં બનાસકાંઠા ધર્મશાળાનું જિનાલય પણ **શ્રી અલ્પેશભાઈએ** જ બનાવ્યું છે. **શ્રી ચંદુભાઈ (રાધનપુર)** તેઓએ આ બનાસકાંઠાનું જિનાલય બનાવ્યુ છે એમણે પણ **શ્રી અલ્પેશભાઈ જૈનનો** જ રેફરન્સ આપ્યો છે. આ ઉપરાંત **શ્રી અલ્પેશભાઈએ** અન્ય ઘણા જિનાલયોમાં કામ કર્યા છે તેમની પોતાની (ગેંગસો ફેક્ટરી) છે આ રીતે બધી ખાતરીપૂર્વકની

Cont. page 2

વિશ્વાસુ વ્યક્તિનો પરિચય થવાથી આપણા જિનાલય બનાવવાનું કામ સોંપવામાં આવ્યું છે.

પરમાત્માની અસીમ કૃપાથી જિનાલયમાં બિરાજમાન થનાર **નીલવર્ણીય મૂળનાયક દાદા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ** ભગવાન સાથે નવગ્રહ પ્રમાણે અને તેના વર્ણ પ્રમાણે બિરાજમાન થનાર પ્રતિમાઓના ઓર્ડરો પાર્ટી સાથે નક્કી કર્યા છે. જેમની પાસે **Semi Precious Stone** નો **Stock** હોય એને પ્રતિમાઓ બનાવવા માટેનો **order** આપેલ છે. આ ત્રણેય પાર્ટીઓના પોતાના ત્યાં **Workshop** છે. અમે આ **Workshop** ની જાતે મુલાકાત લઈને આગળ વધ્યા છીએ. જયપુરમાં છ જગ્યાઓની મુલાકાત લઈને બધું જ સર્વે કર્યું છે, જુદી જુદી પ્રતિમાઓ જોઈને બે જગ્યાએ ઓર્ડર આપવાનું નક્કી કરેલું છે. બાર મહિનામાં પ્રતિમાઓ તૈયાર થઈને આપણને મળી જશે.

**લોનાવાલા જિનાલયમાં** જે પુણ્યશાળીઓએ લાભ લીધો છે અને હજુ પણ જેઓ લાભ લઈ રહ્યા છે, તે દાતાશ્રીઓને પોતાના વર્ષોના વર્ષો સુધી પેઢી દર પેઢીને યાદ રહે એ માટે મૂળનાયક **શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથની નીલવર્ણીય ૭(સાત) ઈંચની રત્નની પ્રતિમાં** સુંદર મજાના આકર્ષક બોક્ષમાં જડીને પ્રતિક રૂપે, સ્મૃતિરૂપે જિનાલયના ઉદ્‌ઘાટન પ્રસંગે ભેટ આપવાનું આયોજન કર્યું છે મારી સર્વે પટણીઓને નમ્રભાવે અપીલ છે કે **રૂા. ૬૩ લાખમાં એક ભગવાન ભરાવવાનો લાભ લઈને,** ભવોભવનું પુણ્યનું ભાથુ બાંધવા જેવું છે.

**''વિઝન આધુનિક પાટણનું, મિશન સર્વાંગી વિકાસનું''**

**લોનાવાલામાં દહેરાસર અને ૮ એકરની જગ્યામાં બાંધકામનું કામ ટૂંક સમયમાં ચાલુ કરવાનું છે તો જે દાતાઓએ લાભ લીધો છે તે સૌ દાતાઓને અપીલ કરું છું કે પોતાની સગવડ પ્રમાણે રૂપિયા ભરતા રહે, એવી મારી દાતાઓને નમ્ર વિનંતી છે.**

શ્રી પાટણ જૈન મંડળના સમગ્ર પરિવારોના આ સૂત્રને ધ્યાનમાં રાખીને, આપ સહુના તન-મન-ધનના સહયોગથી દિન-પ્રતિદિન આપણે ધાર્યા મુજબ પ્રોજેક્ટોમાં સફળતા પ્રાપ્ત કરી રહ્યા છીએ. તેમાં આપ સર્વેની શુભેચ્છા વડીલોના આશીર્વાદ અને પંચાસરા દાદાની અસીમકૃપાથી આપણે પ્રગતિ કરી રહ્યા છીએ. પાટણની નૂતન નિર્મિત **TDSV સ્કૂલની** ચોતરફ પ્રસંશા થઈ રહી છે. વિદ્યાર્થીઓ પણ ખુશ છે આ સ્કૂલમાં ઉપર હોલ બાંધવાનું વિચાર્યું છે. જેનો નકરો **રૂા. ૨૫ લાખનો છે. ૫-૫ લાખના ૩ નામ તો આવી ગયા છે. ૨ નામ બાકી છે તો રૂા. ૫ લાખનો લાભ લઈને ઉત્તમ માં ઉત્તમ વિદ્યા દાનનો લાભ લેવા વિનંતી છે.** દાતાનું નામ **TDSV** માં **Entrance** માં નામ આવશે અને હોલ ઉપર પણ નામ આવશે.

**મરીનડ્રાઈવ ખાતે સંઘ** તરફથી સાધર્મિકોને જે અનાજ આપવામાં આવતું હતું, તે હવે એપ્રિલ-૨૦૨૫ થી શ્રી પાટણ જૈન મંડળ તરફથી આપવામાં આવશે. **લગભગ ૨૫૦ કુટુંબોને** આનો લાભ મળે છે, જેનો **અંદાજિત ખર્ચ રૂા. ૬૦ લાખ** આવે છે. **રૂા. ૨ લાખ** કે તેથી વધારે રકમ આ યોજનામાં જે દાતા આપશે તેમનું નામ પ્રતિબિંબમાં ફોટા સાથે આવશે. તે ઉપરાંત **૮૦જી ની સ્કીમનો લાભ** મળશે. તો અમારી નમ્ર વિનંતી છે કે અનાજ રાહતમાં દાન આપી સાધર્મિક ભક્તિનો લાભ લેશો. અમારી પાસે **બે લાખના ૧૮ દાતાઓના નામ** આવી ગયા છે.

**તા. ૩ માર્ચ ૨૦૨૫ ના PPL Final Day & Night** પોલીસ જીમખાના મરીનડ્રાઈવ ખાતે રમાઈ હતી. **MTM કમલેશભાઈ પ્રેમચંદ શાહની Team V/S K.S. Kinlos શ્રી રવિભાઈ સેવતીલાલ શાહ** વચ્ચે ફાઈનલ રમાઈ હતી. ખુબ જ રસાકસીભરી આ મેચમાં અંતે **MTM Team** પાંચ રનથી વિજેતા બની. રમતમાં તો હંમેશા હાર-જીત તો થયા કરે. પણ મારા શબ્દોમાં પાટણ જીતી ગયું. **૭ ટીમ, ૧૩૦ પ્લેયર્સ, Every Sat & Sunday** બે મહિનાથી પણ વધારે રમે, તે સમયે બધા જ ભેગા મળે ને ભાતૃભાવ, ભાઈચારાની લાગણી દર્શાવે. આનાથી વધારે શું આનંદ હોઈ શકે ? મારું મન આ બધું જોઈને આનંદના ફુવારા ઉડતા હોય તેમ રોમાચંક બની જાય છે. ખૂબ ખૂબ અભિનંદન. આવતા વર્ષે ૮ ટીમ કરવી છે તો **એક ટીમ જેમણે લેવી હોય તેઓએ શ્રી રોહિતભાઈ મહાસુખલાલ શાહનો સંપર્ક કરવો.**

**તા. ૮ માર્ચ શનિવાર,** આજીવાસન હોલ સાંતાક્રુઝ ખાતે બપોરના ૩.૩૦ કલાકે પાટણની મુંબઈમાં રહેતી ૪૦૦ થી વધારે મહિલાઓએ એક જ શમિયાણા નીચે 'ગમતાનો ગુલાલ' કરીને **"Women Day"** બહું જ ઉત્સાહપૂર્વક ઉજવ્યો **"Wish you all Happy Womens Day"**

**સૌરભ મેડિકલ હેલ્થ સેન્ટર 'ફ્રી'માં બ્લડ કલેક્શન** કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે, પહેલા જે રૂા. ૧૨૫/- ચાર્જ હતો. તે હવે 'ફ્રી' છે. આ સ્કીમનો લાભ તો જરૂરથી બધાએ લેવો જ જોઈએ. આ સિવાય પણ ચાર જુદા જુદા પેકેજ તૈયાર કર્યા છે. આપની જરૂરિયાત મુજબ લાભ લઈ શકો છો. **NABH** સર્ટિફિકેટ આવ્યાથી સૌરભ મેડિકલ હેલ્થ સેન્ટરમાં સારો ફૂટફોલ આવી રહ્યા છે.

**તા. ૧૫ / ૧૬ માર્ચ ૨૦૨૫ ના** રોજ પાટણ ખાતે યુનિર્વસિટી કોન્વોકેશન હોલમાં **પ.પૂ. આચાર્ય ભગવંત વિજય જગ્ગચંદ્ર સૂરી મા.સા.ની** નિશ્રામાં યોજાયેલ જ્ઞાનસત્રમાં ઉપસ્થિત રહેવાની તક મળી હતી તે સમયે ૫૫ થી વધુ પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતો તથા ૧૨૫ જેટલી વ્યક્તિઓની હાજરીમાં આ જ્ઞાનસત્રને ભારે સફળતા મળી હતી. આ અવસરે અનેક જ્ઞાની વિદ્વાનોને રૂબરૂમાં મળવાનો અવસર પ્રાપ્ત થયો હતો. તેમજ **પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ** જેવા પ્રબુદ્ધ વ્યક્તિની રૂબરૂમાં મળવાનો આનંદ મળ્યો હતો. આ જ્ઞાનસત્રનો મુખ્ય આશય એ હતો કે, પરમાત્મા મહાવીરસ્વામી જે પ્રાકૃત ભાષામાં બોલતાં હતાં એવી આ પ્રાકૃત ભાષાને ઉજાગર કરવી ને એનો વ્યાપ વિશ્વમાં વધારવો.

મિત્રો ! આપ સહુની સાથે આ પત્ર દ્વારા રૂબરૂમાં મળ્યા હોવાની લાગણી અનુભવાય છે, આપ સહુની ક્ષેમકુશળતા ચાહુ છું. પાટણ જૈન સમાજના દરેક કાર્યોમાં સાથ - સહકાર અને પ્રોત્સાહન આપતાં રહેશો તો વધારે આનંદ થશે.

**''આનંદથી જીવીએ અને આનંદ વહેંચીએ''** બસ, આજ જીવનની સાર્થકતા છે.

**''અસ્તુ''**

# વિશ્વની વિરલ વિભૂતિ વર્ધમાન

## તંત્રી સ્થાનેથી...

ભારતી શાહ



વિશ્વની વિરલ વિભૂતિ વર્ધમાન
મહાવીર જન્મ ઉજવાય,
આનંદ મંગલ છવાય...
આવો સહુ આ જન્મના વધામણા...
મેરુ પર્વત પર લઈ જાય ઈન્દ્ર પ્રભુ વીરને,
હોશે હોશે ઈન્દ્ર મહારાજા, સ્નાન કરાવે વીરને,
જીવન ધન્ય બની જાય, આવો સહુ....
પ્રભુજી ઈન્દ્રની શંકાને અવધિ જ્ઞાનથી જાણે,
ટચલી આંગળી સ્પર્શતા મેરૂ પર્વત ડોલાવે...
મહાવીર નામ દેવાય, આવો સહુ આ જન્મના વધામણાં....

**આંખોમાં અમી, હૃદયમાં મમતાનો ધૂધવતો સાગર અને હાલરડા ગાતા વાત્સલ્યનું અમૃત પીવડાનારી માતા ત્રિશલાએ, ચૈત્ર સુદ ૧૩ની મધ્યરાત્રીએ ઈ.સ. પૂર્વે ૪૯૯ના રોજ, ક્ષત્રિયકુંડમાં જગતારક, જગબાંધવ, જગદિપક એવા પ્રભુ વીરને જન્મ આપ્યો રાજા સિદ્ધાર્થના પરિવારમાં આનંદ-આનંદ છવાઈ ગયો સમગ્ર નગરીમાં વર્ધમાનકુમારનો જન્મ મહોત્સવ મંડાયો.**

તેમના જન્મ સમયે ક્ષત્રિયકુંડની આજુબાજુની ધરા પર અત્ર-તત્ર-સર્વત્ર સુખ-શાંતિ, ચારે બાજુ વૃદ્ધિ થવા લાગી લોકોના દિલમાં આનંદ આનંદ છવાયો તેથી નામ પાડ્યું વર્ધમાન. પરંતું જન્મથી જ ત્રિકાળ જ્ઞાનને સાથે લઈને આવેલા વર્ધમાનનો જન્મોત્સવ ઉજવવા ઈન્દ્ર મહારાજા મેરૂપર્વત પર લઈ ગયા અને જલધારાના અભિષેક શકેન્દ્ર ઈન્દ્રો વિગેરે કરતાં હતા. ત્યારે વર્ધમાન ઈન્દ્રની શંકાને જાણી અંગૂઠા વડે મેરૂપર્વતને કંપાવતા ઈન્દ્રે તેનું નામ પાડ્યું **મહાવીર.**

તેમનું બચપન શૂરવીરતાથી પસાર થયું, યુવાનીમાં પ્રવેશ થયો પણ જીવનમાં વિકારને સ્થાન નથી. **માતા ત્રિશલાની અપાર મમતા છે, તે વર્ધમાન સમજે છે તેથી જ્યાં સુધી માતા-પિતા છે, ત્યા સુધી સંસાર છોડી શકાય તેમ નથી.** અવધિજ્ઞાની તીર્થંકરના આત્માએ ગર્ભાવસ્થામાં જ માનો પ્રેમ જોઈ લીધો હતો. શાસ્ત્રોના પાને નોંધાયેલી અને જૈન શાસનમાં બહુ જ જાણીતી આ ઘટના આપણને ઘણું બધુ કહી જાય છે. ભગવાન મહાવીરે ગર્ભમાં રહીને આપણને આપેલો આ પહેલો અને સૌથી મહત્વનો સંદેશ છે.

**જીવનમાં સફળ થવું હોય તો માતા-પિતાની લાગણીઓનો વિચાર હંમેશા કરજો ''સવિ જીવ કરૂ શાસન રસી'' ની ભાવના, દરેક જીવો પ્રત્યે પ્રેમ, મૈત્રી, કરૂણાનો ભાવ હોવો જોઈએ.** ભગવાન મહાવીર તપથી, જપથી અને સાધનથી શિખર પુરુષ હતા પ્રભુ વીરનો ધર્મ વૈજ્ઞાનિક ધર્મ છે.

**આત્માના સાગર અને કરૂણાના અવતાર એવા વિશ્વની આ મહાન વિરલ વિભુતિનો જન્મકલ્યાણ ઉજવતાં પહેલા ભગવાન મહાવીરના સિદ્ધાંતોને....**

**`MAHAVIR'** શબ્દોથી સમજવાનો પ્રયત્ન કરીએ.

**M =** Make your Heart Merciful = તમે તમારા હૃદયને દયાથી અનુકંપાથી ભરી દો.

**A =** Anger is the Madness of Mind = અનુકંપાથી ભરી દો ક્રોધ તો માનવના મગજનું પાગલપણું છે. ક્ષમા અને પ્રેમની ભાવના રાખો, માફ કરતા શીખો.

**H =** Humnanity is the root of all Virtues = માનવતા તે સર્વ સદ્‌ગુણોની જનેતા છે, માનવતાના પાયા ઉપર જ ધર્મની ઈમારત ચણાશે.

**A =** Abandonment (ત્યાગ) Shoud be our Motto = ત્યાગ એ જીવનનો સિદ્ધાંત છે.

**V =** Virtue Make Man Great and Happy = સદ્‌ગુણો માણસને મહાન અને સુખી બનાવે છે.

**I =** Idelness is the root of all sins = પ્રમાદ તે પાપનું મૂળ છે, પ્રમાદ છોડીને ઉદ્યમવંત બનો.

**R =** Right ousnessmust be root of our life = સત્ય વચન એ આપણા જીવનનો મૂળ મંત્ર હોવો જોઈએ.


Cont. page 4

આ MAHAVIR શબ્દના સાત અક્ષરમાં પ્રથમ અહિંસા તથા અંતમાં સત્ય છે. વચ્ચે પાંચ સદ્‌ગુણોની હારમાળા છે આપણે સહુ મહાવીરના સંતાનો છીએ. ભક્ત છીએ તેમની અનંત કૃપા આપણા પર વરસતી રહે છે.

માતા પિતાને - (૧) વચનદાન, (૨) દીક્ષા લેતા પહેલાં સંવત્સર દાન (૩) ચંડકૌશિકને - સ્વર્ગદાન, (૪) ગૌશાલાને સમકિત દાન, (૫) અભાવી સંગમને - અશ્રુદાન મહાવીરે તેમના સમગ્ર જીવન દરમ્યાન વિવિધ સ્વરૂપે દાન આપ્યા કર્યું છે.

પ્રભુના જન્મકલ્યાણકના અવસરે તેમના સંદેશને અપનાવવાનો પુરુષાર્થ કરી જીવનનું ચણતર કરીએ તો ભગવાન મહાવીરના જન્મકલ્યાણકની ઉજવણી સાચા અર્થમાં સાર્થક ગણાશે.

પ્રભુ મહાવીરનાં ચરણોમાં વંદન...




## આંસુ લૂછવાનો આનંદ

જીવનના ચકડોળમાં ક્યારેક ઉપર તો ક્યારેક નીચે.

ક્યારેક અમીર તો ક્યારેક ગરીબ પરિસ્થિતિમાં જીવતા કેટલાંક લોકોમાં એક નામ છે. ડીન ફોબર્સનું છે. લંડનમાં ખુબ જ ગરીબ પરિવારમાં જન્મેલા ફોર્સ પણ પોતાના જીવનમાં ખૂબ જ ચડતી-પડતી સુખ - દુઃખનો સામનો કરીને વર્ષ ૨૦૨૧-૨૦૨૨ દરમ્યાન સ્વીડીશની કંપની તથા લંડનની પ્રાઈવેટ ઈક્વિટી ફર્મ કોટન કેપિટલમાં ભાગીદાર બન્યા. પછી પણ પોતાના જીવનમાં મળેલી સફળતા અને સમૃદ્ધિ ભૂલ્યા નથી? તેઓ ફોર્સ ફેમિલી ગ્રુપ નામનું સંગઠન ચલાવે છે. જે અનેક લોકોને મદદ કરે છે. તાજેતરમાં આફ્રિકી લ્યૂકેમિયા ટ્રસ્ટ માટે એક એમણે એક રાતમાં આશરે સાડાચાર કરોડ રૂપિયા એકત્ર કરી આપ્યા. બ્રિટનના સૌથી પ્રભાવશાળી અશ્વેતોમાં તેમનું નામ ૨૦૨૫ની સૂચીમાં સૌથી ઉપર છે, પરંતુ ડીન ફોબર્સને તો ગરીબાઈના વિષચક્રને તોડવામાં રસ છે.

તેઓ કહે છે કે, મારા દુઃખદ અનુભવે જણાવું છું કે, આ કોમ્યુનિટીમાં ઘણી પ્રતિભા છે, જરૂર છે માત્ર દરવાજો ખોલવાની મારા માટે અન્ય લોકોએ દ્વાર ખોલ્યા હતા, હવે હું જરૂરિયાતમંદોની મદદ માટે દ્વાર ખોલીશ.

## ખરેખર, સ્ત્રી કેટલી જલ્દી ખુશ થઈ જાય છે

બે મીઠા શબ્દ બોલીને પતિ કહી દે,
વાહ આજે તું કેટલી સરસ દેખાય છે,
ત્યારે સ્ત્રીનું દિલ ખુશીથી ઝૂમી ઊઠે છે....
ખરેખર, સ્ત્રી કેટલી જલ્દી ખુશ થઈ જાય છે..

જો સાસુ-સસરા કહે કે વાહ અમારી વહુ જેવું કોઈ નહીં,
તો એ દિવસથી માબાપને ભૂલવા લાગે છે,
સ્ત્રીની લાગણી જલ્દી પીગળી જાય છે....
ખરેખર, સ્ત્રી કેટલી જલ્દી ખુશ થઈ જાય છે..

બાળકો કહે, વાહ મમ્મી!
તુ અમને કેટલાં સમજે છે, અમને ભાવતું રોજ પીરસે છે,
તો ડબલ ઉત્સાહથી એ કામે લાગી જાય છે....
ખરેખર, સ્ત્રી કેટલી જલ્દી ખુશ થઈ જાય છે..


સ્ત્રી તો બે મીઠા બોલની ભૂખી હોય છે,
એ સતત પોતાના સન્માનને શોધે છે,
ક્યારેક પતિની આંખોમાં, ક્યારેક બાળકોની વાતોમાં,
સંબંધોના મેળામાં -
ખરેખર, સ્ત્રી કેટલી જલ્દી ખુશ થઈ જાય છે..

સ્ત્રી પરિવારનો ભાર વહેતી રહે છે.
બસ લાગણીના બે શબ્દોની એને ભૂખ છે,
હસતા ચહેરામાં એ ખુદને સમાવીને રાખે છે....
ખરેખર, સ્ત્રી કેટલી જલ્દી ખુશ થઈ જાય છે..


પોતાને મિટાવી દે પણ પરિવારને સાચવે,
જિંદગી પેદા કરવા પોતાને દાવ ઉપર લગાવી દે,
કાશ કોઈ એને સમજે, પ્યારથી એને સાચવે....
ખરેખર, સ્ત્રી કેટલી જલ્દી ખુશ થઈ જાય છે..

**સંકલનઃ ભારતી શાહ**

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ



# શ્રી પાટણ જૈન સંઘ ફાઉન્ડેશન



## શ્રી પાટણ જૈન સંઘ ફાઉન્ડેશન નિર્મિત

**લોનાવાલા મધ્યે રત્નમય નવ ગ્રહ**
**શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલયમાં ભવ્યાતી ભવ્ય**
**દેવદ્રવ્યનો લાભ લેવાનો અમૂલ્ય અવસર**

* રંગમંડપમાં નામ આપવાના — રૂા. ૨,૦૭,૦૦,૦૦૦/-
  (અંકે રૂા. બે કરોડ સાત લાખ)
  દહેરાસરોના પ્રવેશ દ્વારની બાજુમાં યોગ્ય જગ્યાએ નામ લખવામાં આવશે.
* ચાર ગભારા ઉપર નામ આપવાના — રૂા. ૧,૦૮,૦૦,૦૦૦/-
  (અંકે રૂા. એક કરોડ આઠ લાખ) (પ્રત્યેકના)
  દહેરાસરોના પ્રવેશ દ્વારની બાજુમાં યોગ્ય જગ્યાએ નામ લખવામાં આવશે.

**પાંચ ગાભારાનું જિનાલય છે જેમાં મુખ્ય ગભારાનો લાભ આપાઈ ગયેલ છે.**

* દેહરાસરના પ્રવેશ દ્વારની બાજુમાં યોગ્ય જગ્યાએ સ્કીમ મુજબ ગોલ્ડન શાહીથી નામ લખવામાં આવશે.

(૧) ડાયમંડ સ્કીમ - (રત્નમય આધાર સ્થંભ) ૫૪ લાખ
(૨) ગોલ્ડ સ્કીમ - (સુવર્ણ આધાર સ્થંભ) ૨૭ લાખ
(૩) સિલ્વર સ્કીમ - (રજત આધાર સ્થંભ) ૧૧.૭૦ લાખ

તા.ક. ઉપરોક્ત દેવ દ્રવ્યની રકમ ૨૪ મહિનાની અંદર સરળ હપ્તેથી આપવાના રહેશે.

❈ નમ્ર અપિલ ❈

પાટણના સર્વ જિનાલયોના ટ્રસ્ટીઓને જણાવવાનું કે આપણા આ નૂતન જિનાલયમાં લાભ લેવા નમ્ર વિનંતી છે.

## શ્રી પાટણ જૈન મંડળ યોજિત

## હોલી ડે હોમ લોનાવાલા

# LONAVAVA PROJECT DATA SHRI

## લોનાવલા પ્રોજેક્ટના મુખ્ય દાતાશ્રી

**Rs. 10 Cr.**

**શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ**

**(શ્રી સેવંતીલાલ ખેમચંદ શાહની સુપુત્રી - કુંભારીયા પાડો)**

## દેરાસરના સંપૂર્ણ લાભાર્થી

**શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા)**

**Rs. 5.25 Cr.**

## મલ્ટી પરપઝ હોલના સંપૂર્ણ લાભાર્થી

**શ્રીમતી પન્નાબેન કપુરચંદ સોનાવાલા**

**Rs. 4.00 Cr.**

### Rs. 1.25 Cr. સાધુ ભગવંતના ઉપાશ્રયના લાભાર્થી

શ્રી પ્રદિપભાઈ રમણલાલ શાહ (કુંભારીયા પાડો) / શ્રીમતી વસુમતીબેન સેવંતિલાલ શાહ (ચિતારાની ખડકી)

### Rs. 1.25 Cr. સાધ્વી ભગવંતના લાભાર્થી

- શ્રી કીર્તિલાલ પોપટલાલ શાહ (મલ્લાતનો પાડો) -
  હ. શ્રીમતી રંજનબેન (બચુભાઈ) મહાસુખલાલ શાહ (વાસુપૂજ્યની શેરી)

### Rs. 1.00+25 = 1.25 Cr. મુખ્ય આધાર સ્થંભ લાભાર્થી

- શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાલા) (કનાસાનો પાડો)
- શ્રી હેમંતભાઈ કાંતિલાલ શાહ (સાલવી પરિવાર) (સાલવી વાડો)
- શ્રી સંદિપભાઈ કીર્તિલાલ શાહ ( કેશુશેઠનો પાડો)
- શ્રીમતી વસુમતીબેન સેવંતિલાલ શાહ (ચિતારાની ખડકી) / શ્રી પ્રદિપભાઈ રમણલાલ શાહ (કુંભારીયા પાડો)
- શ્રી હેમચંદ્રભાઈ જીવનલાલ શાહ (કસુંબીયા વાડો)
- શ્રીમતી પ્રજ્ઞાબેન દીપકભાઈ રેવંતિલાલ શાહ (કનાસાનો પાડો)
- શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી (મનમોહનજીની શેરી)
- શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાહ (પોળની શેરી)
- શ્રીમતી આશીતાબેન સોનીરભાઈ મહેન્દ્રભાઈ સાંડેસરા (કેશુશેઠનો પાડો)

### Rs. 50+13 = 63 Lc સહયોગી આધાર સ્થંભ લાભાર્થી :

- શ્રી ધવલભાઈ દીપકભાઈ શાહ (કનાસાનો પાડો)
- શ્રીમતી કાંતાબેન ચંદુલાલ પત્રાવાલા હ. શ્રીમતી ભારતીબેન ગીરીશભાઈ શાહ (પત્રાવાલા) (ચિતારાની ખડકી)
- શ્રીમતી નિરંજનાબેન પ્રફુલભાઈ શાહ હ. શ્રીમતી દીપાબેન નિલેશભાઈ શાહ (બ્રાહ્મણવાડો)
- શ્રીમતી નિર્મળાબેન ચંદ્રકાંત ચીમનલાલ શાહ - હ. શ્રીમતી પીંકી ધીરેનભાઈ શાહ, શ્રીમતી પલ્લવી અમીતભાઈ, શ્રીમતી આશિતાબેન ભુપેનભાઈ (પોળની શેરી)

## લોનાવાલા હોલી ડે હોમ : Rs. 30 Lc એક રૂમના લાભાર્થી :

- શ્રી કાંતિલાલ ડાહ્યાભાઈ શાહ (મશરૂવાલા) - હ. શ્રીમતી કિરણબેન પ્રવિણભાઈ શાહ (કુંભારીયા પાડો)
- માતુશ્રી વિમળાબેન કાંતિલાલ શાહ - હ. શ્રીમતી ગુણવંતીબેન અરવિંદભાઈ શાહ (ખેતરવસી)
- શ્રીમતી મધુબેન વર્ધમાનભાઈ સાંડેસરા - હ. શ્રીમતી દર્શનાબેન અમીતભાઈ શાહ (કેશુશેઠનો પાડો)

## Rs. 15 Lc એક રૂમના સંયુક્ત લાભાર્થી રહેશે :

- શ્રીમતી બીનાબેન દીપકભાઈ શાહ (વખતજીની શેરી)
- શ્રી દિલીપભાઈ વરજીવનદાસ શાહ (મલ્લાતનો પાડો)
- શ્રીમતી સેજલબેન (રૂપાબેન) મનીષભાઈ મજીઠીયા
- શ્રીમતી વીરમતીબેન જિતેન્દ્રભાઈ શાહ (ભાભાનો પાડો)
- શ્રી બીપીનચંદ્ર ભોગીલાલ સાંડેસરા (અબજી મહેતાનો પાડો)
- શ્રી નિખીલભાઈ રવિન્દ્રભાઈ શાહ (ખજુરીનો પાડો)
- શ્રી દર્શનભાઈ રવિન્દ્રભાઈ શાહ (ખજુરીનો પાડો)
- શ્રી નવનીતલાલ મણિલાલ શાહ - હ. શ્રીમતી સુરેખાબેન નવનીતલાલ શાહ (મણિયાતી પાડો)
- શ્રી ધીરેનભાઈ મહેન્દ્રભાઈ શાહ (વખતજીની શેરી)
- શ્રી સુરેશભાઈ હિંમતલાલ શાહ - હ. શ્રી મિતેશભાઈ સુરેશભાઈ શાહ (શામળાજીની શેરી)
- શ્રીમતી રમીલાબેન કીરીટભાઈ મહાસુખલાલ શાહ (નંદરબારવાલા) (ડંકમહેતાનો પાડો)
- શ્રીમતી ભાનુબેન ગુલાબચંદ શાહ - હ. શ્રીમતી શિલ્પાબેન પંકજભાઈ શાહ (કનાસાનો પાડો)
- શ્રી સંજયભાઈ દિનેશભાઈ શાહ - હ. શ્રીમતી નયનાબેન દિનેશભાઈ શાહ (સિદ્ધચક્રની પોળ)
- શ્રીમતી સુષ્મિતાબેન સુધીરભાઈ શાહ - હ. શ્રી સંજયભાઈ સુધીરભાઈ શાહ (મારફતિયા મહેતાનો પાડો)
- શ્રી જતીનભાઈ ભગવાનદાસ શાહ - હ. શ્રીમતી નીનાબેન જતીનભાઈ શાહ (ખેતરવશી)
- શ્રી જનકભાઈ અરવિંદકુમાર શાહ - હ. શ્રીમતી ભાવીનીબેન જનકભાઈ શાહ (લખિયારવાડો)
- શ્રીમતી પારૂલબેન રાજેશકુમાર શાહ - હ. શ્રી રમેશભાઈ છબીલદાસ ઝવેરી (મનમોહનજીની શેરી)
- શ્રીમતી ઉષાબેન વિજેન્દ્રભાઈ પટણી - હ. શ્રીમતી ડિમ્પલબેન જીગરભાઈ શાહ (નિશાળનો પાડો)
- શ્રીમતી સુધાબેન મહેન્દ્રભાઈ ચીમનલાલ શાહ પરિવાર - હ. શ્રી નીતિનભાઈ, શ્રીમતી સેફાલી, શ્રી પરીન શાહ (લખિયાર વાડો)
- શ્રીમતી રેણુકાબેન રજનીકાંત મણિલાલ શાહ (નિશાળનો પાડો)

# LONAVALA PROJECT SCHEME

## Rs. 1.00+25 = 1.25 Cr. મુખ્ય આધાર સ્થંભ લાભાર્થી

જેમાં દાતાશ્રીનું યોગ્ય જગ્યાંએ નામ આવશે.

૯૦ દિવસ Maintenance Cost થી એક રૂમ દાતાશ્રીને રહેવા મળશે.

તેમજ સગા-વ્હાલાને પણ રહેવા આપી શકાશે.

આ સ્કીમમાં ગભારાના ભગવાન ભરાવવાનો અને પ્રતિષ્ઠાનો લાભ મળશે,

જેના રૂા. ૨૫ લાખ રહેશે જેમાંથી રૂા. ૧૫ લાખ મૂર્તિ ભરાવવાના તથા

પ્રતિષ્ઠાના લાભના અને રૂા. ૧૦ લાખ સર્વસાધારણમાં વપરાશે.

# LONAVALA PROJECT SCHEME

**Rs. 50+13 = 63 Lc સહયોગી આધાર સ્થંભ લાભાર્થી :**

જેમાં દાતાશ્રીનું યોગ્ય જગ્યાએ નામ આવશે,
૪૫ દિવસ Maintenance Cost થી એક રૂમ દાતાશ્રીને
રહેવા મળશે તેમજ સાથે સગા-વ્હાલાને પણ રહેવા આપી શકાશે.
આ સ્કીમમાં એક ભગવાન ભરાવવાનો
અને પ્રતિષ્ઠાનો લાભ મળશે, જેના રૂા. ૮ લાખ અને ૫ લાખ સર્વસાધારણમાં વપરાશે.

**Rs. 30 Lc એક રૂમના લાભાર્થી :**

જેમાં રૂમ ઉપર દાતાશ્રીનું નામ આપવામાં આવશે
સાથે ૩૦ દિવસ Maintenance Cost થી એક રૂમ દાતાશ્રીને રહેવા મળશે
તથા સગા-વ્હાલાને પણ રહેવા આપી શકશો.

**Rs. 15 Lc એક રૂમના બે લાભાર્થી રહેશે :**

જેમાં એક રૂમ ઉપર બે દાતાશ્રીઓના નામ આપવામાં આવશે
સાથે ૧૫ દિવસ Maintenance Cost થી એક રૂમ દાતાશ્રીને રહેવા મળશે
તથા સગા-વ્હાલાને પણ રહેવા આપી શકશો.

**Rs. 2.25 Cr** ડાયનીંગ હોલ Grand
**Rs. 1.50 Cr** એન્ટ્રન્સ લોબી
**Rs. 1.25 Cr** ક્રિકેટ ગ્રાઉન્ડ
**Rs. 1.25 Cr** લેન્ડસ્કેપ એરિયા
**Rs. 1.25 Cr** હોલ (૨૦૦ વ્યક્તિ માટે)
**Rs. 63 Lc** હોલ (૧૦૦ વ્યક્તિ માટે)
**Rs. 30 Lc** વ્યૂવિંગ ગેલેરી

૫૦ લાખથી વધારે રકમના લાભાર્થીઓ / દાતાશ્રીઓને અન્ય લાભ આપવામાં આવશે
તો વ્યક્તિગત અમારો સંપર્ક કરવા વિનંતી કરીએ છીએ.
દાતાશ્રીઓને એમનું દાન બે વર્ષમાં હપ્તેથી ભરવાનો લાભ મળશે સાથે 80G સર્ટિફિકેટ પણ મળશે.
જે કોઈને લાભ લેવો હોય તે 'વહેલા તે પહેલા' ના ધોરણે નામ આપવામાં આવશે.

**નીચે જણાવેલ નંબર ઉપર સંપર્ક કરવા**

શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા) પ્રમુખ : ૯૯૩૦૮૯૧૯૮૫
શ્રી હેમંતભાઈ કાંતિલાલ સાલવી - પ્રથમ ઉપપ્રમુખ : ૯૮૨૦૦૪૮૩૬૭
શ્રી રાજેન્દ્રભાઈ જયંતિલાલ શાહ (જેડી.) - ઉપપ્રમુખ : ૯૩૨૨૨૨૭૨૦૯
શ્રી દેવેશભાઈ રમેશચંદ્ર શાહ - માનદમંત્રી : ૯૮૬૯૩૩૩૭૧૬

# સાધર્મિક ભક્તિ અભિયાન - અનાજ વિતરણ

શાસ્ત્રોક્ત કથન અનુસાર પર્યુષણ પર્વના મુખ્ય પાંચ કર્તવ્યોમાંનું એક કર્તવ્ય એટલે સાધર્મિક વાત્સલ્ય અથવા સાધર્મિક ભક્તિ જેનું પુણ્ય અનેક ગણું ઉપાર્જન થાય છે. તદ્‌નુસાર સમુહમાં સાધર્મિક ભક્તિ કે સ્વામી વાત્સલ્યનું આયોજન સંભવ ના હોય તો જરૂરિયાતમંદ આપણા સાધર્મિક બાંધવોને પેટનો ખાડો પુરવા અનાજ વિતરણ પણ કરી પાંચમું કર્તવ્ય બજાવ્યાનો લાભ મેળવી શકાય છે. આવા જ એક શુભ આશયથી લગભગ અઢી દાયકાથી અધિક સમય પહેલા સમાજના દનવીરોના પ્રાપ્ત થયેલ ગુપ્તદાન અન્વયે આપણા સમાજના જરૂરિયાતમંદ પરિવારોને વરસમાં ત્રણ કે ચાર વખત તેમની પરિવારની જરૂરિયાત અનુસારનું અનાજ વિતરણ કાર્ય શ્રેષ્ઠ રીતે કરવામાં આવી રહેલ છે.

આ અનાજ વિતરણ વ્યવસ્થામાં આવતી કેટલીક વ્યવહારિક અડચણોને પરિણામ સ્વરૂપ છેલ્લા કેટલાંક સમયથી આ કાર્ય ખોરંભે પડેલ છે. સમાજનો કોઈ પરિવાર અનાજના અભાવે ભુખ્યો રહેવા ના પામે તેવા શુભ આશયથી શ્રી પાટણ જૈન મંડળ દ્વારા અનાજ વિતરણ વ્યવસ્થા પુનઃ સુચારૂપણે કરવાનું બીડુ ઝડપવામાં આવેલ છે. તદ્‌નુસાર મુંબઈના કોઈપણ ખુણે વસવાટ કરતા આપણા સમાજના પરિવારોનો ડેટા તૈયાર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે અને લગભગ એપ્રિલ - મે દરમ્યાન દરેકને પોતાના ઘર પહોંચતું અનાજ મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી રહેલ છે. સંસ્થા દ્વારા આ યોજના અંતર્ગત કોઈપણ પરિવારને અનાજની રકમ પેટે કોઈપણ ખર્ચ આપવાનો રહેશે નહીં. જેની ખાસ નોંધ લેવી.


શ્રી પાટણ જૈન મંડળ દ્વારા હાથ ધરાયેલ અનાજ વિતરણની નૂતન વ્યવસ્થા અનસાર વાર્ષિક લગભગ ૫૦ થી ૬૦ લાખનો ખર્ચ થવા સંભવ છે. જે ખર્ચને પહોંચી વળવા **''સાધર્મિક ભક્તિ અભિયાન''** યોજના રજુ કરવામાં આવી છે, જેમાં કોઈ દાતા રૂા. બે લાખનું દાન આપશે તેનું નામ તથા ફોટો એક વખત પાટણ પ્રતિબિંબમાં પ્રકાશિત કરવામાં આવશે.

તા. ૧૯-૦૩-૨૦૨૫ના મળેલ સંસ્થાની વ્યવસ્થાપક સમિતિની સભામાં ઉક્ત યોજનાને સર્વાનુમતે બહાલી આપવામાં આવી છે. આ યોજનાનું સંચાલન **શ્રી સંજયભાઈ રમેશચંદ્ર શાહના** નેજા હેઠળ કરવામાં આવશે.

ઉપરોક્ત યોજના અંતર્ગત નીચે મુજબના દાતાઓ દ્વારા રકમ નોંધાવવામાં આવી છે, તેઓ સર્વે દાતાઓ પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરવામાં આવે છે. સાથોસાથ સમાજના વધુને વધુ દાતાઓને આ અભિયાનમાં ઉત્સાહપૂર્વક આર્થિક યોગદાન આપવા હાર્દિક વિજ્ઞપ્તિ કરવામાં આવે છે.

આ યોજના અન્વયે પ્રાપ્ત થનાર દાન ઈન્કમટેક્ષ કાયદા કલમ ૮૦જી અન્વયે ૫૦ ટકા કર રાહત પ્રાપ્ત થાય છે.

## -: રૂા. ૨,૦૦,૦૦૦/- નું દાન આપનાર દાતાઓ :-




| | | |
|---|---|---|
| શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ | - | કનાસાનો પાડો |
| શ્રી હેમંતભાઈ કાંતિલાલ સાલવી | - | સાલવી વાડો |
| શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ | - | પોળની શેરી |
| શ્રી ભરતભાઈ નેમચંદ શાહ | - | કુંભારીયા પાડો |
| શ્રી પ્રદિપભાઈ રમણલાલ શાહ | - | કુંભારીયા પાડો |
| શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ | - | કનાસાનો પાડો |
| શ્રી રવિભાઈ સેવંતીલાલ શાહ | - | ચિતારાની ખડકી |
| શ્રી હિતેનભાઈ પ્રવિણચંદ્ર ઝવેરી | - | કુંભારીયા પાડો |
| શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી | - | મનમોહનજીની શેરી |
| શ્રી સંદિપભાઈ કીર્તિલાલ શાહ | - | કેશુશેઠનો પાડો |
| શ્રીમતી હીનાબેન ચેતનભાઈ શાહ | - | ડંકમહેતાનો પાડો |
| શ્રીમતી મોનીકાબેન સંજયભાઈ શાહ | - | ડંકમહેતાનો પાડો |
| શ્રીમતી અરૂણાબેન બાબુલાલ શાહ | - | વખતજીની શેરી |
| શ્રીમતી નિર્મળાબેન ચંદ્રકાંતભાઈ શાહ | - | પોળની શેરી |
| શ્રી કમલેશભાઈ પ્રેમચંદ શાહ | - | વખતજીની શેરી |
| શ્રી યોગેશભાઈ રવિન્દ્રભાઈ શાહ | - | ખજૂરીનો પાડો |
| શ્રીમતી કામીનીબેન શરદભાઈ શાહ | - | ચિતારાની ખડકી |
| શ્રીમતી કિન્નરીબેન દિપકભાઈ શાહ | - | ડંકમહેતાનો પાડો |

## DOCTORS OPD SCHEDULE

| | | | | |
|---|---|---|---|---|
| Internal Medicine | Dr. Ankur Jain (MBBS, DNB Medicine, MNAMS in New Delhi, CCDM in Diabetes (London), MRCP (UK) | 2017/03/0509 | Mon to Sat (By Appointment) | 4.00 PM to 5.00 PM |
| Neuro Surgery (Brain & Spine) | Dr. Sarit Shah (MBBS; DNB Neuro Surgery) | 2009/03/0885 | Saturday (By Appointment) | 3.30 PM to 4.30 PM |
| | Dr. Medha Vyas (MBBS; DNB Neuro Surgery) | 2018062711 | Wednesday (By Appointment) | 5.00 PM to 6.00 PM |
| General Consulting (GP) | Dr. Priyanka Mota Shah (MBBS) | 2020/02/0437 | Mon to Sat | 12.00 PM to 1.00 PM |
| Chest Medicine | Dr. Rakesh Rajpurohit (MD Chest Physician) | 2014083531 | Thursday (By Appointment) | 11.00 AM to 12.00 PM |
| Orthopaedic | Dr. Prasanna Biswas (MS Ortho) | 80769 | By Appointment | |
| | Dr. Meghraj Holambe (MBBS; MS ORTHO) | 2013051459 | Mon & FRI | 2.00 PM to 3.00 PM |
| | Dr. Amit Yadav (MBBS, DNB Ortho) | 2012061544 | Wed & Sat | 3.30 PM to 5.00 PM |
| Gastroenterology | Dr. Hardik Rajesh Shah (MBBS; DNB Internal Medicine, DrNB Gastro, Fellow in Trasplant Hepatology) | 2011061984 | Saturday (By Appointment) | 5.30 PM to 6.30 PM |
| ENT | Dr. Devina Chitranshi (MS ENT) | 2022/10/8522 | By Appointment | 11.00 AM to 12.00 PM |
| | Dr. Lipee R Shah (DORL ENT) | 2019/10/6487 | Mon to Sat (By Appointment) | 12.00 PM to 1.00 PM |
| Cardiology | Dr. Jaideep Rajebahadur (MBBS, DNB (Medicine), DNB (Cardiology) Interventional Cardiologist) | 2007073037 | Mon & Sat | 10.00 AM to 11.00 AM |
| Diabetology | Dr. Chintan Gandhi (DM Nephrology, DNB General Medicine, MBBS) | 2013/04/1139 | Wed & Sat (By Appointment) | 10.00 AM to 11.00 AM |
| Physiotherapy | Dr. Megha Panchal Patel (B.Pth, Mpth) | NA | Mon to Sat | 9.00 AM to 11.00 AM |
| | Dr. Rashmi Sanil (BPTH; MPTH (NEURO), MIAP | NA | Mon to Sat | 1.00 PM to 3.00 PM |
| | Dr. Aakruti Raikar (MPT; MIAP; APTA (USA) | NA | Mon to Sat | 4.00 PM to 6.00 PM |
| Homeopathy | Dr. Dipti Shah (BHMS) | 25806 | Thu & Sat | 10.00 AM to 11.00 AM |
| Nutrition & Dietetics | Dr. Diti Shah (MSC, CDE) | NA | By Appointment | |
| Psychiatry | Dr. Vinita Pawar (MBBS, MD & DNB Psychiatry) | 2016/09/3995 | Wednesday (By Appointment) | 2.00 PM to 3.00 PM |
| Paediatric | Dr. Vrushank Desai (MBBS; DNB) | 82203 | By Appointment | |
| DIAGNOSTIC DEPARTMENTS LIST | | | | |
| Pathology | Dr. Vrijesh Kabra (MD Pathology) | | Mon to Sat | 3.00 PM to 4.00 PM |
| 7 AM to 2 PM (Blood Collection Timings) 5.00 pm to 6.00 pm (Report dispatch) | | | | |
| Sonography & X-Ray | Dr. Swati Karmarkar (MD, DNB, | 63816 | Mon to Sat | 1.30 PM to 2.30 PM |
| | Dr. Bharat Boricha (DNB, D.M.R.D.) | 62327 | Mon to Sat | 4.00 PM to 5.00 PM |

# શ્રી ત્રિભોવનભાઈ ધનજીભાઈ સ્માર્ટ વિદ્યાલય - પાટણ



**શિક્ષણ પ્રદાન ક્ષેત્રના આ અભિયાનમાં તમો સહભાગી બન્યા છો ? આજેજ વિચારો. આજેજ જોડાઓ.**
**પુણ્યાનુબંધી પુણ્ય કમાવો.... વર્ષો વર્ષની સ્મૃતિ માટે તમારા પરિવારની તક્તી અંકિત કરાવો....**

### નીચે મુજબની યોજનામાં દાતાશ્રીઓ આવકાર્ય છે

| | | | | |
|---|---|---|---|---|
| ◆ Multipurpose Hall 1 ... | 25,00,000 | | ◆ Multipurpose Hall 2 ... | 25,00,000 |
| ◆ Solar System 1 ... | 25,00,000 | | ◆ Lift 1 ... | 5,50,000 |
| ◆ Golden Stone | 2,00,000 | | ◆ Silver Stone | 1,00,000 |

સંપર્ક : શ્રી પાટણ જૈન મંડળ : 8779161209 ✻ પ્રમુખશ્રી, શ્રી દાનેશભાઈ વી. શાહ : 9930891985
ઉપપ્રમુખ, શ્રી રાજેન્દ્રભાઈ જે. શાહ : 9322227209 ✻ માનદમંત્રી, વિદ્યાલય શ્રી ભરતભાઈ સી. શાહ : 9323189941

ભેગુ એની પાસે જ થાય છે,
જે વહેંચી શકે છે...
પછી ભલે એ પ્રેમ હોય, પૈસો હોય,
ભોજન હોય કે માન સન્માન હોય...

લાગણીશીલ વ્યક્તિ જ, બધી બાજુથી ઘસાય છે.
સહન કરવાનું... જતું કરવાનું... સમજવાનું...
બધું એને જ કરવાનું...
છતાં પણ ક્યારેય માન સન્માન કે કદર થતી જ નથી.




PATOLA
BY NIRMAL SALVI

Original GI 232 Certified Patan Patola Sarees, Dupattas, Lehengas, Single Ikat Patola, Semi Patan Patola, Accessories, Menswear & Bandhani.

Ahmedabad
A-104, Stellar, 1st Floor
Sindhu Bhavan Road,
Bodakdev, Ahmedabad - 380054
+91 9700749000/ 9879128888

Delhi
D-9, Block-D, Defence Colony,
Delhi - 110024
+91 9824884884

Mumbai
Shop no 1 B, GF,
72-Bhulabhai Desai Road,
Near Breach Candy Hospital,
Mumbai - 400026
+91 9819928299

patola_bynirmalsalvi

ADVT



sheetal PATOLA
Sunil Salvi

PATAN
Motisha Darwaja, Saibaba
Mandir Road, Patan. (N.G)
Gujarat - 384265
+91 98259 86863
+91 98243 30799

AHMEDABAD
109, Stellar, Sindhu Bhavan
Road, Bodakdev, Ahmedabad,
Gujarat - 380054
+91 98246 48623
+91 97370 48800

sheetalpatolabysunilsalvi

ADVT

DOUBLE IKAT PATAN PATOLA SAREES & DUPATTAS | SEMI IKAT PATOLA
SINGLE IKAT PATOLA | ACCESSORIES | MENSWEAR | LEHENGA & BANDHANI




# Shree Patan Jain Mandal
## SAURABH MEDICAL HEALTH CARE (Goregaon)

### We Welcome Donors for the following Department

- Physiotherapy ... 1.25 Cr
- Dental ... 1.00 Cr
- ENT ... 1.00 Cr
- Pediatric ... 1.00 Cr
- Homeopathy ... 0.50 Cr
- Ayurvedic ... 0.50 Cr

**CONTACT FOR DONATION**

Shri Daneshbhai Vinodchandra Shah : Mo. 9930891985
Shri Hemantbhai Kantilal Salvi : Mo. 9820048367

**50 Lc** — **DERMATOLOGY DEPARTMENT**
Shri Narendrabhai Kantilal Khandwala (USA)

**25 Lc** — **DR. REPORTING ROOM**
Smt. Bhanuben Sureshchandra Himatlal Shah
Haste: Miteshbhai-Ajishaben, Himansubhai-Jalpaben, Jigarbhai-Reenaben

**25 Lc** — **WAITING AREA**
Shri Shirishbhai Mafatlal Zaveri
Haste: Smt. Vil asben Shirishbhai Zaveri Parivar

**25 Lc** — **RECEPTION ROOM**
Prince Devlopar Dharmeshbhai Ramcharan Pandit (Goregaon)

**25 Lc** — **CONFERENCE ROOM**
Smt. Madhuben Vardhamanbhai Nagindas Sandesara

**25 Lc** — **OPG SECTION**
Smt. Pravinaben Mahendrabhai Sandesara
Haste: Shri Sonirbhai Mahendrabhai Sandesara

**25 Lc** — **GASTROENTEROLOGY**
Shri. Jatinbhai Bhagwandas Shah
Haste: Smt. Ninaben Jatinbhai Shah

**25 Lc** — **CHEST MEDICINE**
Shri. Deepakbhai Sevantilal Chimanlal Patani

**25 Lc** — **GERIATRIC DEPARTMENT**
Smt. Kinnariben Dipakbhai Shah

**25 Lc** — **ALZHEIMER & DEMENTIA**
Smt. Kiranben Pravinbhai Shah (USA)

## શ્રી પાટણ જૈન મંડળ

## સૌરભ મેડિકલ હેલ્થ કેર દાન યોજના

| | |
|---|---|
| 5.25 Cr | **MAIN DONOR OF PROJECT**<br>Smt. Arunaben Babulal Chhotalal Shah |
| 4.00 Cr | **CO. DONOR OF PROJECT**<br>Smt. Pannaben Kapoorchand Sonawala |
| 5.50 Cr | **2000 SQ.FT PROPERTY**<br>Shri Ashokbhai & Shri Niranjanbhai Popatlal Shah |
| 2.50 Cr | **CARDIOLOGY DEPARTMENT**<br>Late. Smt. Vasantben Champaklal Manilal Jhaveri<br>Haste:Shri Bhupendrabhai, Shri Ashwinbhai, Shri Mukeshbhai, Shri Dhananjaybhai Champaklal Jhaveri |
| 1.50 Cr | **PATHOLOGY DEPARTMENT**<br>Smt. Bhagvatiben Vinodchandra Shah (Matliwala) |
| 1.25 Cr | **SONOGRAPHY DEPARTMENT**<br>Smt. Geminiben Hemantbhai Kantilal Salvi |
| 1.25 Cr | **DIALYSIS CENTRE**<br>Shri Shantilal Nagindas Shah (Shubh Trust) |
| 1.25 Cr | **GENERAL SURGERY**<br>Smt. Vasumatiben Sevantilal Ambalal Shah |
| 1.25 Cr | **X-RAY DEPARTMENT**<br>Smt. Geetaben Rakeshkumar Kantilal Shah<br>Prerit : Shri Janakbhai Arvindkumar Shah |
| 1 Cr | **OPHTHALMOLOGY DEPARTMENT**<br>Smt. Pushpaben Hasmukhbhai Shah Parivar and<br>Smt. Shilpaben Prakashbhai Shah Parivar |
| 50 Lc | **ORTHOPEDIC CENTRE**<br>Shri Nilesh Rameshchandra Chhabildas Jhaveri Parivar and<br>Shri Kalpeshbhai Rameshchandra Chhabildas Jhaveri |
| 50 Lc | **GYNECOLOGY CENTRE**<br>Smt. Jyotsnaben Mahendrabhai Shah<br>Haste: Smt. Kanalben Hiteshbhai Shah, Shri Hiteshbhai Mahendrabhai Shah |
| 50 Lc | **SADHU BHAGWANT ROOM**<br>Smt. Neelaben Ashokbhai Popatlal Shah |
| 50 Lc | **SADHVIJI BHAGWANT ROOM**<br>Smt. Rashmikaben Niranjanbhai Popatlal Shah |
| 50 Lc | **MAMMOGRAPHY DEPARTMENT**<br>Smt. Bhartiben Yashwantbhai Harilal Jhaveri |
| 50 Lc | **GENERAL CONSULTING**<br>Smt. Sudhaben Dineshbhai Shantilal Shah Parivar |
| 50 Lc | **INTERNAL MEDICINE**<br>Babu Panalal Poonamchand Cheritable Fund<br>Babu Jivanlal Panalal Trust • Babu Nanakchand Poonamchandji Trust |
| 50 Lc | **DIABETIC DEPARTMENT**<br>Smt. Vimlaben Navinchandra Gabhruchand Shah |

# આંતરરાષ્ટ્રીય મહિલા દિન




આંતરરાષ્ટ્રિય મહિલા દિન. તા.૮ માર્ચ ૧૧૩ મો આંતરરાષ્ટ્રિય મહિલા દિન ઉજવાયો.

નારી એટલે પ્રકૃતિ, શકિત, વિદ્યા, લક્ષ્મી, મમતા, પ્રેમ અને કરૂણાનાં ભાવથી છલકાતી, પ્રકૃતિના તમામ ગુણો ધરાવતી, સહનશીલતાની મૂર્તિ. નારી સ્વંય શકિતશાળી છે આદિ કાળથી નારીનાં ગુણો અને તેની શૌર્યગાથાઓથી ઈતિહાસ સર્જાયો છે તે નારી.

રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય સ્તરે મહિલાઓને સન્માન આપીને ઉજવણી થાય છે. પણ ખરી ઉજવણી તેમને સમાન તક, અધિકારો અને સુરક્ષા પ્રદાન કરીને કરવી જોઈએ તેનામાં રહેલી શકિતઓને પીછાણી તેનું સન્માન થવું જોઈએ. તેને પણ પ્રસંગોચિત માન-આદર આપતા શીખવું જોઈએ.

શું તમે જાણો છો કે આંતરરાષ્ટ્રિય મહિલા દિવસનો જન્મ કયારે થયો હતો ? આજથી લગભગ ૧૧૫ વર્ષ પહેલાં એટલે કે ૧૯૦૮માં લગભગ પંદર હજાર મહિલાઓએ ન્યૂયોર્ક શહરમાં રેલી કાઢી હતી. તેમની માગ હતી કે મહિલાઓના કામના કલાકો ઘટાડવા જોઈએ, તેમને પણ પુરૂષોની જેમ જ સારો પગાર મળવો જોઈએ અને મતદાનમાં તેમ જ ચૂંટણીમાં ઊભા રહેવાની તક પણ મળવી જોઈએ.આ રીતે કામદારોનાં આંદોલનમાંથી મહિલા દિનનો જન્મ થયો હતો. જેને પાછળથી સંયુકત રાષ્ટ્ર દ્વારા વાર્ષિક ઉજવણી તરીકે માન્યતા આપવામાં આવી હતી. અમેરિકાની એક મહિલા કલેરા ઝેયિના મનમાં સૌ પ્રથમ આ બાબત માટે વિચાર આવ્યો હતો. મહિલાઓના અધિકાર માટે બધી મહિલાઓને સાથે રાખીને તેમના સમાન અધિકારો માટે અવાજ ઉઠાવ્યો હતો.

૧૯૧૦ માં ડેન્માર્કની રાજધાની કોપનહેગનમાં પ્રથમ વાર કાર્યકારી મહિલાઓની આતંરરાષ્ટ્રિય કોન્ફરન્સ યોજાઈ હતી. તેમાં સમગ્ર વિશ્વના દેશોમાંથી મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહી હતી. ૨૦૧૧ માં મહિલા દિનની શતાબ્દિ ઉજવાઈ હતી. ૧૯૨૧માં મહિલા દિનની તારીખ ૮ માર્ચ નક્કી કરવામાં આવી હતી.

આંતરરાષ્ટ્રિય મહિલા દિવસનું પ્રતિનિધિત્વ ત્રણ રંગો સફેદ, લીલો અને જાંબલી કરે છે. મહિલા દિવસ અભિયાન મુજબ સફેદ રંગ શુધ્ધતાનું પ્રતિનિધિત્વ કરે છે. લીલો રંગ આશનુ પ્રતિનિધિત્વ કરે છે, જાંબલી રંગ ન્યાય અને ગૌરવનું પ્રતિનિધિત્વ કરે છે.

પ્રાચીન સમયમાં પુરૂષોને સમકક્ષથી લઈને ભારતનો ઈતિહાસ જ મહત્વપૂર્ણ બનાવોથી ભરેલો છે. જો કે મધ્યકાલીન યુગમાં મહિલાઓની સ્થિતિમાં જબરદસ્ત ફેરફારો નોંધાયા છે. ભારતની મહિલાઓએ દેશનાં વડા પ્રધાનથી લઈને દરેકે દરેક પદો શોભાવ્યાં છે. ફાઈનાન્સ મિનિસ્ટર હોય કે વિમાનોની પાયલટ હોય, અવકાશયાત્રી હોય કે ટ્રેનોની ડ્રાઈવર હોય, બિઝનેસ વુમન હોય કે કલાનાં ક્ષૈત્રમાં પારંગત હોય દરેક ક્ષેત્રોમાં નારી શકિતમાન સાબિત થઈ છે. જૈન શાસનનો ઈતિહાસ હોય કે અન્ય શાસનમાં નારીઓએ પોતાની આવડત અને કુશળતાથી સંચાલન કરીને સફળતા અપાવી છે.

આજના વર્તમાન સમયમાં પણ સમગ્ર વિશ્વના દેશો એવું માને છે કે ભારતની મહિલાઓ, તેમાં પણ વિશેષ પ્રકારે હિંદુ મહિલાઓ નૈસર્ગિક રીતે ચારિત્ર્યશીલ અને વધુ ગુણવાન છે. ભારતના બંધારણ દ્વારા તમામ ભારતીય મહિલાઓને સમાનતાનો હક આપવામાં આવ્યો છે. આજની ભારતીય નારી અબળા નહી સશકત છે. તે દરેક પરિસ્થિતિમાં લડવાનું જાણે છે. આજે મહિલાઓએ સમાજ અને રાષ્ટ્રના વિકાસ અને પુનનિર્માણની બાગડોર પોતાના હાથથી પકડી છે. સમાજ અને રાષ્ટ્રના પ્રત્યેક વ્યકિતનું એ કર્તવ્ય છે મહિલાઓના ઉત્થાનમાં પોતાનું દરેક શકય યોગદાન આપે તો અને તો જ ભારત સમાજ અને રાષ્ટ્રના વિકાસની એક નવી ગાથા લખી શકશે.

**Wish you All Happy Womens Day.**

# ખરી ગરીબાઈ નાણાની નથી પણ માનવતા અને ઉદાર અભિગમની છે

સારાહ એક રેસ્ટોરન્ટમાં વેઈટ્રેસનું કામ કરતી હતી.

એક દિવસ રોજની જેમ રેસ્ટોરન્ટમાં આવેલા એક યુગલ સમક્ષ સારાહે ભોજનનું મેનું મૂક્યું. પણ તેના આશ્ચાર્ય વચ્ચે તે યુગલે મેનુ ખોલ્યા વગર જ ઓર્ડર કરવાનું શરૂ કર્યું... અને કહી દીધું.

''અમારી પાસે થોડાક જ પૈસા છે. છેલ્લા થોડા મહિનાથી અમે પૈસાની તંગી અનુભવી રહ્યા છીએ. માટે તારી દ્રષ્ટિએ સૌથી સસ્તી બે ડીશ હોય તેનો ઓર્ડર લખી લે !''

સારાહે ચહેરા પર સહેજે આનાકાનીનો ભાવ લાવ્યા વગર બે ઓછી કિંમતની આઈટમ સૂચવી. તે યુગલ સારાહના સૂચન સાથે સહમત થઈ ગયું. તેઓએ ઝટપટ ભોજન પતાવી લીધું અને ઉતાવળે સારાહ પાસે બિલ માગ્યું.

સારાહે બિલને બદલે તેમને એક કાગળ અને એક કવર આવ્યું. જેની પર લખ્યું હતું...

''આજે મે મારા અંગત એકાઉન્ટમાંથી તમારું બિલ ચૂકવી દીધું છે. તેને મારી ભેટ ગણશો ને ? સાથે ૧૦૦ ડોલરની એક નાનકડી ભેટ છે તે સ્વીકારશો.. આપની સારાહ !''

તે યુગલ રેસ્ટોરન્ટ છોડી ગયું. પણ, સારાહનું આ નાનકડું કૃત્ય તેમને અઢળક ખુશી આપી ગયું. તે સમજી શકતા હતા કે એક વેઈટ્રેસ પોતાની નાણાકીય મર્યાદાઓ છતાં આવું અદ્‌ભુત કાર્ય કરી શકે. તે યુગલને પણ ખુશી હતી અને સારાહને પણ ખુશી હતી એક નાની મદદ કરવાની.

સારાહ કોઈ શ્રીમંત નહોતી, તેના ઘરે તેનું જૂનું વોશિંગ મશીન બગડી ગયું હતું, નવું ઓટોમેટિક વોશિંગ મશીન લેવા ઈચ્છતી હતી, તે માટે એકાદ વર્ષથી પૈસા બચાવી રહી હતી. આમ છતાં તે પૈસામાંથી તેણે પેલા યુગલના જીવનમાં ખુશી ભરવાનું નક્કી કર્યું.

તેને સૌથી વધુ આઘાત ત્યારે લાગ્યો કે જ્યારે તેની ખાસ સહેલીએ તેને આ કામ માટે શાબાશી આપવાને બદલે ખખડાવી નાખી. તેનું કહેવું હતું કે; પોતાની અગ્રતાઓ બાજુએ મુકી આમ બીજાને મદદ ના કરાય વાત પણ વ્યવહારું હતી.

પણ, તે સમયે જ સારાહ પર તેના મમ્મીનો ફોન આવ્યો... તે ઉત્તેજિત હતી, તેણે જોરથી બુમ પાડતા આવાજે પૂછ્યું..

''સારાહ તે આ શું કર્યું ?'' સારાહે ગભરાતા અવાજે કહ્યું..

''મમ્મી, મે ? મે તો કશું નથી કર્યું, કેમ શું થયું ?

અરે... હે દીકરી તને ખબર નથી ?

પેલા લોકો કે જેને તે મદદ કરી હતી તેમણે આ વાત ફેસબુક પર પોસ્ટ કરી છે, તે વાયરલ થઈ છે અને ફેસબુક તારા વખાણથી ઉભરાઈ રહ્યું છે. મમ્મીએ ઉત્તેજિત અવાજે કહ્યું, અને સહેજ ભીના અવાજે ઉમેર્યું; **બેટા મને તારા માટે સાચે જ ગર્વ છે.**

તે પછી તો તેના પર પરિચિતો, મિત્રોના અગણિત ફોન આવવાના શરૂ થયા. સોશિયલ મિડીયા પર વાયરલ થયેલી સ્ટોરીએ ગજબ કામ કર્યું. હવે અખબાર અને ટીવી ચેનલોએ તેનો સંપર્ક કરવાનું શરૂ કર્યું હતું.

બે ત્રણ દિવસ બાદ સારાહે એક અતિ લોકપ્રિય ટીવી શો માટે આમંત્રિત કરી અને તે ટીવી ચેનલ તરફ **સારાહને ૧૦,૦૦૦ ડોલરનો પુરસ્કાર આપ્યો. ઉપરાંત, શોને સ્પોન્સરર કરતી કંપની દ્વારા આધુનિક વોશિંગ મશીન, નવો ટીવી સેટ અને ૫૦૦૦ ડોલરના મૂલ્યની ઈલેક્ટ્રોનિક આઈટમોનું ગિફ્ટ હેમ્પર પણ આપ્યું.**

આવી અસંખ્ય ભેટોનો ધોધ વરસ્યો જેનું મૂલ્ય એક લાખ ડોલરથી વધુ હતું.

બે સસ્તી જમવાની ડીશ અને ૧૦૦ ડોલરની કોઈ વળતરની અપેક્ષા વગર આપવામાં આવેલી મદદથી સારાહનું જીવન ખુશીયોથી ભરાઈ ગયું.

**તમારે જેની જરૂર નથી તે આપવું તે સાચું દાન નથી. દાન એ છે કે જેની તમને જરૂર છે પણ બીજા કોઈને તેની વધુ જરૂર છે.**

**ખરી ગરીબાઈ નાણાની નથી પણ માનવતા અને ઉદાર અભિગમની છે.**

**આવો, ખુશી વહેંચીએ, ખુશ રહેવાનો અને સુખી થવાનો આ સૌથી આસાન રસ્તો છે.**

**ગુજરાતી અનુવાદક**



## માથા પરનો ભાર

એક રાજા રથમાં બેસીને દિનચર્યાએ નીકળ્યા હતા. રસ્તામાં એમણે જોયું કે એક વૃદ્ધ માથા પર વજન ઉંચકીને ધીમી ગતિએ ગામ તરફ જઈ રહ્યો હતો. અસહ્ય વજનથી એની કમર બેવડી વળી ગઈ હતી. રાજાને દયા આવી. રથ રોકીને એણે વૃદ્ધને કહ્યું, 'તમે રથમાં બેસી જાઓ; હું તમને તમે કહેશો ત્યાં ઉતારી દઈશ'

વૃદ્ધ રથમાં તો બેઠો પણ વજનદાર કોથળાને માથ  પર જ પકડી રાખ્યો. નવાઈ પામેલા રાજાએ આ અંગે પૂછતાં વૃદ્ધે જવાબ આપ્યો, 'રથ અને ઘોડા પર મારા વજન ઉપરાંત  હું વધારાનું વજન લાદવા નથી માગતો. મને રથમાં બેસાડીને આપે મારા પર દયા કરી એ બદલ આભાર પણ મહેરબાની કરીને મારું વજન મને જ ઊંચકવા દો. ઘોડાઓને એટલી રાહત રહેશે.'

રાજાએ હસતાં હસતાં કહ્યું, 'અરે પાગલ, રથમાં બેસીને તું તારો કોથળો માથા પર રાખીશ તો પણ એનું વજન રથ મારફત ઘોડાઓ પર જ પડશે.' વૃદ્ધ કટાક્ષભેર બોલ્યો, 'મને આશ્ચર્ય થાય છે કે આપ મારી વાત પર હસો છો, 'મને ખબર છે કે રાજા તરીકે આપ આખા રાજ્યનો ભાર માથે લઈને ફરો છો જે ભાર વાસ્તવમાં તો આ વિશાળ ધરતી જ ઊંચકે છે. આપ મારા કરતાં વધુ જ્ઞાની છો. મારો ભારો ઊંચકીને હું તો સંસારની રીતરસમને જ અનુસરી રહ્યો છું.'

વીજળીના ઝબકારાની ગતિએ રાજા વૃદ્ધની માર્મિક ટકોર અને એમાં રહેલો બોધ સમજી ગયા. એમને પોતાના અહંકારની વ્યર્થતાનું ભાન થયું. પાછળથી ખબર પડી કે એ વૃદ્ધ એક સૂફી ફકીર હતો. રાજાએ એના ચરણસ્પર્શ કર્યા.

ઓશો સારઃ

આપણે હાથે કરીને હેરાન પરેશાન થઈએ છીએ. ઝરણાં આપમેળે નદી તરફ અને નદી આપમેળે સાગર તરફ વહી રહી છે. પવન નિર્ધારિતપણે ગતિમાન છે. સૃષ્ટિના દરેક અંગ કુદરતી રીતે કાર્યરત છે... સિવાય માણસ! વિજ્ઞાન અને વિકાસના નામે આપણે એમાં હસ્તક્ષેપ કરીને છેવટે તો આફત કે દુઃખને જ નોતરીએ છીએ.

સૃષ્ટિની સાથે તાલમેલ સાધીએ. અસ્તિત્વ પર ભરોસો રાખીએ. સહજ, સરળ જીવન જીવીએ. સ્વર્ગીય આનંદ અહી જ છે.

## કહો, આ કોનું પ્રતિક્રમણ છે ?

એની આંખો પહોળી થઈ. એ ઝાડ નીચે સૂતો હતો, સૂવાનું પોષાય તેમ નહોતું સિદ્ધ રાજના સુભટો તેનું પગેરુ દબાવી રહ્યા હતા. પરંતુ ઉપાય ન હતો. રઝળપાટ અને ભુખ-તરસથી શરીર થાક્યું હતું.

એ ઝાડ નીચે આડો પડયો.  ત્યાં તેણે જોયું. એક ઉંદર ઝાડના દરમાંથી દડબડ દોડતો આવ્યો, એના મોંમાં ચાંદીની મુદ્રા હતી.

એની આંખો પહોળી થઈ. એને ધનની તાતી જરૂર હતી, જીવનને ટકાવી રાખવા ધન માટે એ ઝખી રહ્યો હતો. ઉંદરના મોંમા ચાંદીની મુદ્રા જોઈને એનો થાક ઊંધ્યા વિના ઉતરી ગયો.

પણ એને મુદ્રા લેવા ઉતાવળ ન કરી. ઉંદર મુદ્રા મુકીને પાછો દરમાં ગયો. ફરી બીજી મુદ્રા લઈને આવ્યો. આમ એ એકવીસ વખત ચાંદીની મુદ્રા લઈને પાછો ફર્યો.

ઉંદરની આ રમત જોઈ. પછી એ પાછો ન ગયો. મુદ્રાની ઢગલી પર ઉંદર આનંદથી નાચ્યો. નાચીને થાકીને એ એક મુદ્રા લઈને પાછો દરમાં ગયો.

એને લાગ્યું હવે એ મુદ્રાઓ લઈ લેવી જોઈએ. ઉંદરના માટે એ કોઈ જ કામની નથી. એણે મુદ્રાઓ લઈ લીધી. ઉંદર પાછો આવ્યો. મુદ્રા ન જોઈ. ફાળથી તેનું હૈયું ફાટી ગયું.


એણે ઉંદરને ધન માટે તરફડીને મરતા જોયો. ત્યારે તેને ઉંદર મર્યાનું ઝાઝું દુઃખ નહોતું થયું, વર્ષો બાદ એ રાજા બન્યા. નામી રાજા. પરમાર્હત કુમારપાળ, સાંજ વેળાએ તેને આ ઘટના યાદ આવી. આંખમાંથી આંસુ દદડી પડ્યા.

પોતાના નિમિત્તે ઉંદરનો જીવ ગયો. એ પાપનું કુમારપાળ રાજાએ પ્રતિક્રમણ કર્યું. અને તેની સ્મૃતિમાં, તેના ઉપકારના બદલામાં કુમારપાળે જિનાલય બંધાવ્યું, નામ પ્રસિદ્ધ થયું મુષક વિહાર અને આજે તારંગા ખાતે આ જિનાલયને મુળનાયક દાદા અજીતનાથ ભગવાન  નું પ્રાચીન તીર્થ તરીકે જાણીતું છે.


### બંગલો અને પ્લોટ વેચવાનો છે

જૈન પરિવારનો બે માળ વાળો 3 BHK પાટણમાં ખૂબ મોકાનો ૪૦૦ વારના પ્લોટમાં ૩૦૦ વાર લેટેસ્ટ નવા બાંધકામ, ચાર એસી, સોલર વોટર, હીટર એવં સોલર ઈલેક્ટ્રિસિટી સહિતનો ફુલ્લી ફર્નિશ બંગલો તેમજ બંગલાની બાજુમાં ૨૭૦ વારનો પ્લોટ વેચવાનો છે.

સ્થળઃ આશિષ સોસાયટી બહાર, રાજમહેલ રોડ ઉપર, ચિલ્ડ્રન પાર્ક સ્કૂલની સામે, પાટણ.



ADVT

સંપર્ક : 9825535181 / 9824852185

# આનું નામ દાન

હું ભણ્યો ઓછું એક શેઠના બંગલે હું ચોકીદાર (વોચમેન)નું કામ કરતો. નાનું કામ, નાનો પગાર, મોટી કૌટુંબિક જવાબદારીઓ વચ્ચે પણ હું સતત ઉત્સાહમાં રહેતો.

માલિકના આવવા-જવાના સમયે હું ઉત્સાહપૂર્વક બંગલાનો અને ગાડીનો દરવાજો ખોલતો. હસીને ''નમસ્તે, સાહેબ'' કહેતો. માલિક ક્યારેય એનો જવાબ ન વાળતા કે ન તો એક અછડતું સ્મિત પણ આપતા !

મોટા માણસ હતા મોટા બંગલામાં મોટી મોટી મિજબાનીઓ થતી. ખાવાની વાનગીઓ બહુ વધતી. હું એ બધું કચરામાં ફેંકવાને બદલે મારે ઘેર લઈ જતો. મારા કુટુંબને ક્યારેય જોવા પણ ન મળે એવી વાનગીઓ ભરપેટ ખાવા મળતી.

એક મિજબાનીને અંતે હું ઉત્સાહપૂર્વક પ્લેટ સાફ કરી કરીને ખાવાનું કોથળીઓમાં ભરતો હતો ત્યાં મેં જોયું કે શેઠ એક બાજુ ઉભા ઉભા મને જોઈ રહ્યા હતા. અમારી નજર મળી અને એ મોઢું ફેરવી ચાલ્યા ગયા.

મારા મનમાં ફફડાટ થયો. નોકરી જવાની બીકથી હું ખિન્ન થઈ ગયો. છતાં મન મનાવ્યું કે કાલે નોકરી જવાની હશે તો જશે જ, તો આજે છેલ્લી વખત મારા કુટુંબને આ વાનગીઓ ખવડાવી લઉ.

રાતે જતાં પહેલાં ઘરનો બધો કચરો બંગલાની પાછળના ભાગમાં રાખવમાં આવતાં કચરાનાં પીપડામાં નાખીને પછી મારે જવાનું એ મારી રોજની જવાબદારી હતી. એ પ્રમાણે કામ પતાવી, હું રાતે પેલી કોથળીઓ લઈને મારે ઘેર જવા નીકળ્યો.

પેલો ડર મનમાં સતત હતો એટલે ચોર નજરે મેં બગલા તરફ પાછું વળીને જોયું અંધારામાં વિશેષ ન દેખાયું પણ મને લાગ્યું કે કોઈ ઉપરની બારીમાંથી મને બારીકાઈથી જોઈ રહ્યું હતું.

બીજા દિવસે આવ્યો ત્યારે ''હિસાબ કરી લે અને કાલથી ન આવતો'' એવું સાંભળવાની બીકે ફફડી રહ્યો હતો, પણ એવું કાંઈ ન બન્યું. રાતે કચરો નાખવા ગયો ત્યારે કચરાના પીપડાની બાજુમાં એક કોથળીમાં થોડાં બટાટા, ટમેટાં, ભાજી, કેળા, અડધો કિલો ચોખા - એવું બધું પડ્યું હતું. અહીં કચરાના પીપડા પાસે પડ્યું છે એટલે નક્કામું જ હશે એમ માની હું એ ઘેર લઈ ગયો.

પછી તો એ રોજનું થઈ ગયું. ક્યારેક દાળ, ક્યારેક લોટ, મસાલા, ઋતુ પ્રમાણે શાકભાજી, ફળો-એવું રોજ કાંઈ ને કાંઈ મળતું. મારું કુટુંબ ત્યારપછી ક્યારેય ભુખ્યું ન રહ્યું.

અચાનક એક દિવસ બંગલાના દરવાજે સાહેબની નહીં, પોલીસની ગાડી આવી. એક અકસ્માતમાં સાહેબનું મૃત્યુ થઈ ગયું હતું. બંગલો સુમસામ થઈ ગયો. સાથે સાથે... પેલી કોથળીઓ બંધ થઈ ગઈ. મારી મુસીબતોનો પાર ન રહ્યો.

વિધવા બહેનજીને ''મને હવે આ નોકરી નથી પોષાતી... તમે બીજો ચોકીદાર શોધી લ્યો'' એમ કહેવાની હિંમત પણ નહોતી. છેવટે જ્યારે મુશ્કેલીઓ બહુ વધી ગઈ ત્યારે મેં પગાર વધારો માગ્યો.

બહેન પૂછ્યું, ''આટલા વર્ષોથી કામ પર છો, તમને આ સંજોગોમાં વધારો માગવાનું સૂઝ્યું ? મેં પેલી કોથળીઓથી મારું ઘર કેવી રીતે ચાલતું હતું એની વાત કરી. મેં કહ્યું, ''હવે સાહેબના જતાં આપને ન પોષાય એટલે આપે કોથળીઓ બંધ કરી એ હું સમજું છું, પણ મનેય નથી પોષાતું.'' મારી સ્થિતિ પણ સાવ નાજુક છે.

બહેન ચોધાર આંસુએ રડી પડ્યાં.

હું ગળગળો થઈ ગયો, મેં કહ્યું, ''માફ કરજો, મારે પગાર વધારો નહોતો માગવો જોઈતો.'' બહેન બોલ્યા, ''એવું નથી મને પણ જાણ નહોતી એવું તારું આ સાતમું કુટુંબ છે જે તારા શેઠની મદદથી ખાવા પામતું હતું...''

હું અવાચક થઈ ગયો, સાવ રુક્ષ અને જેણે એકવાર પણ ''નમસ્તે સાહેબ''નો જવાબ આપ્યો નથી એ સાહેબ આ બધી મદદ કરતા હતા ?

બીજા દિવસથી કોથળીઓનો ક્રમ ફરી ચાલુ થયો, પણ હવે કોથળીઓ કચરાના પીપડા પાસે નહીં, પણ શેઠનો દીકરો મને હાથોહાથ આપતો. એ પણ શેઠ જેવો જ સાવ રુક્ષ, ન બોલે, ન જવાબ આપે. હું રોજ અને ''Thank You'' કહેતો એ તોછડાઈથી ચાલ્યો જતો.

એક વખત એક વડીલને દાવે, એની રીતભાત સુધારવાના હેતુથી મેં હાથ હલાવી, હોઠ પહોળા કરી, એને ''Thank You'' કહી એની આંખોમાં આંખ પરોવી. એ મારી સામે જોઈ રહ્યો.

પછી એણે પોતાના કાન ઉપર હાથ મુકી, અંગુઠા ગોળ ગોળ હલાવ્યા. એનું કહેવું હું સમજ્યો. હું ચોંકી ગયો. એ સાંભળી શકતો નથી. મારું હૃદય દ્રવી ઉઠ્યું. મને દુ:ખી થયેલો જોઈ, એ મારી પાસે આવ્યો. પોતાના ગળાની ચેઈનમાં રહેલું લોકેટ ખોલ્યું.

એના બાપ સાથેનો એનો ફોટો એમાં હતો. એણે એક હાથની આંગળી બાપાના ફોટા પર અને બીજા હાથની આંગળી પોતાના ફોટા પર મુકી. પછી બન્ને હાથ બન્ને કાનને અડાડી, અંગુઠા ગોળ ગોળ ફેરવ્યા.

બાપ-દીકરો બન્ને મુક-બધિર. આટલા વર્ષોથી હું ''નમસ્તે, સાહેબ''ના જવાબમાં ''નમસ્તે'' સાંભળવા તલસી રહ્યો હતો. કારણ સમજ્યા વગર કોઈને રુક્ષ ગણી બેઠો હતો. એની સામે તાકતો હું દડદડ આંસુએ રડી પડયો...

સંકલન:- ભારતી શાહ

# શ્રી પાટણ પાંજરાપોળ ખાતે ઘાસના ગોડાઉનનો ઉદ્‌ઘાટન સમારોહ








પાટણ કનાસાના પાડાના **વીરમાતા હીરાબેન પોપટલાલ શાહ (હ. શ્રી નીરંજનભાઈ પોપટલાલ તથા શ્રી ચીરાગભાઈ અશોકભાઈ)** તરફથી ઘાસના ગોડાઉન માટે રૂા. ૪૧ લાખનું દાન આપવામાં આવ્યું હતું. દાતાશ્રીનો પરિવાર તથા ૧૦૦ થી વધારે તેમના સગા-સંબંધી તથા પરિવારજનો ફાગણ સુદ ૩ ને બીજી માર્ચે કનાસાના પાડાની ધજાના પ્રસંગે પાટણ આવ્યા હતા. તે દિવસે ધજાના પ્રસંગ પછી દાતા પરિવાર તેમના સ્નેહીજનો પાસે પાંજરાપોળની મુલાકાતે આવ્યા હતા..

આ ઉદ્‌ઘાટનના પ્રસંગે પાંજરાપોળના કાર્યકરો **શ્રી દિપકભાઈ શાહ, શ્રી નિખીલભાઈ શાહ, શ્રી હિતેશભાઈ શાહ તથા શ્રી સતિષભાઈ શાહ** પાટણ પધાર્યા હતા. પાટણના **શ્રી ધીરૂભાઈ શાહ તથા શ્રી દિપકભાઈ શાહે** પાંજરાપોળની પ્રવૃત્તિઓનો ખ્યાલ આપ્યો હતો. **શ્રી રમેશભાઈ ઝવેરીના** હસ્તે દાતા પરિવારનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અંધેરી જૈન સંઘ તથા દાતા પરિવારના સ્નેહીજનો ઉપસ્થિત રહ્યા હતા, તે સમયે **શ્રી ચિરાગભાઈ** દ્વારા નોંધાવેલ દાન પેટે રૂા. ૨૧ લાખનું દાનનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો, તે બદલ તેમનો ખૂબ ખૂબ આભાર માનવામાં આવ્યો હતો. દાતા પરિવારે ભવિષ્યમાં જ્યારે પણ જરૂર હોય ત્યારે સહાય કરવાની તૈયારી બતાવી હતી.


**ફેબ્રુઆરી-૨૦૨૫, માસ દરમ્યાન રૂા. ૧૦,૦૦૦/- થી વધુ દાન આપનાર પૂણ્યશાળીઓ**

## શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત

**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)**

આઝાદ ચોક, પીપળાશેરી, પાટણ (ઉ.ગુ.) - ૩૮૪૨૬૫ - ફોનઃ (૦૨૭૬૬)૨૨૦૨૦૩

**મુંબઈ કાર્યાલયઃ-** ૪૧૦, રોક્ષી ચેમ્બર, (જ્વેલ બિલ્ડીંગ), ચોથે માળે, ઓપેરાહાઉસ, મુંબઈ-૪૦૦૦૦૪. મો. : ૮૮૨૮૧૫૦૦૮૭

મુંબઈઃ શ્રી નિખીલભાઈ રવિન્દ્રભાઈ શાહ મો. ૯૩૨૨૨૨૭૬૪૩ • શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ મો. ૯૮૨૦૫૨૨૯૩૬

| | |
|---|---|
| માતુશ્રી વીરમતા હીરાબેન પોપટલાલ શાહ પરિવાર (કનાસાનો પાડો) | ૨૧,૦૦,૦૦૦ |
| કુંભારીયા પાડાના ભાઈઓ તરફથી (ગતાંકમાં પ્રતિબિંબમાં સુધારીને વાંચવું) | ૨,૦૨,૦૦૦ |
| M/s. Akry Organics Pvt. Ltd. | ૫,૦૦,૦૦૦ |
| મે. નેક્ષપર ફાર્મા પ્રા. લિ. | ૧,૦૧,૦૦૦ |
| શ્રી તુષારભાઈ જિતેન્દ્રભાઈ શાહ | ૫૭,૧૬૦ |
| શ્રી હર્ષિલભાઈ જતિનભાઈ શાહ | ૫૦,૦૦૦ |
| શ્રી વિરલ એચ. શાહ અને શ્રી હિતેનભાઈ પ્રવિણભાઈ શાહ | ૪૨,૦૦૦ |
| શ્રી ઋષભભાઈ કમલેશભાઈ શાહ | ૫૦,૦૦૦ |
| મે. સી.જે. શાહ એન્ડ કું. | ૩૭,૦૦૦ |
| શ્રી ઋત્વીક જતીનભાઈ શાહ | ૨૫,૦૦૦ |
| શ્રીમતી બીનીતા તુષારભાઈ શાહ | ૧૨,૬૦૦ |
| શ્રીમતી મીનાબેન નિખીલભાઈ શાહ | ૧૧,૦૦૦ |
| શ્રી ઉમંગભાઈ શરદભાઈ શાહ | ૧૧,૦૦૦ |
| શ્રી ચંદ્રપ્રભુ શ્વેતામ્બર દેરાસર પેઢી | ૧૧,૦૦૦ |
| શ્રીમતી મીનાક્ષીબેન હર્ષદભાઈ શાહ | ૧૧,૦૦૦ |

ADVT

સંસ્થાને આપેલ દાન ઈન્કમ ટેક્ષ એક્ટ 80G હેઠળ કરવેરામાં રાહતને પાત્ર છે



kotak life

**Parag Rameshchandra Shah**

*(Ajitnathni Pole)* **Agency Partner**

**KOTAK MAHINDRA LIFE INSURANCE CO. LTD.**

201 Neelyog Square, R.B. Mehta Road, Opp. Railway Station, Ghatkopar (E), Mumbai-400075

**Mo. +91 9820036887 • 9820037887**

ADVT



**પાટણ સોશિયલ પરિવાર ''ઉમંગ'' સ્થાપના તા. ૧૮-૦૩-૨૦**

**પાંચમું સેલિબ્રેશન તા. ૧૮-૦૩-૨૦૨૫**

Organizer : **શ્રીમતી અલ્પાબેન પરાગભાઈ શાહ (અલ્પા મેરેજ બ્યુરો)**


**Dinner Party Sponsor :-**

**Shree Harshadbhai Patrawala (Bangkok)**

એડમીનઃ **શ્રીમતી છાયા શાહ, શ્રીમતી દેવાંશી શાહ શ્રીમતી નંદિતા શાહ, શ્રીમતી દિપીકા શાહ, શ્રીમતી પ્રિતી ઝવેરી**

ADVT

## અભિનંદન









**''હીરો પહેલ પડે દીપે, ટીપે ઘાટ ઘડાય,**

**ધૂપ જલે દીપક બળે, જીવન એમ જીવાય...''**

જીવનની આકરી કસોટીમાંથી પાર ઊતરનાર માનવીનું જ મૂલ્ય અંકાય છે. **શ્રી ભરતભાઈ નેમચંદ શાહ (S.K. Group)** (કુંભારીયા પાડો) તેમની આગામી બે વર્ષ મટે, Indian Pharma Industry (IDMA)નાં National President તરીકે નિયૂક્ત થયા છે. ૮ ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ, હોટલ તાજમહેલ પેલેસના ક્રીસ્ટલ રૂમમાં તેમના નેતૃત્વમાં **૬૩મો Annual Day Celebration** થયો. તે સમયે ઉપસ્થિત મહાનુભાવો સમક્ષ એક થીમ "Innovating Today for Healthier Tomorrow" મુકવામાં આવી.

આ પ્રસંગે ચીફ ગેસ્ટ, હોનરેબલ મિનિસ્ટર પિયુષ ગોયલ, મિનિસ્ટર ઓફ કોમર્સ અને ઈન્ડસ્ટ્રીઝ, ઉપસ્થિત રહ્યા હતા. ૪૦૦થી વધુ મેમ્બરોની હાજરી રહી હતી. ટી.વી. તથા ન્યૂઝપેપર્સના પત્રકારો પણ ઉપસ્થિત રહ્યા હતા.

**શ્રી ભરતભાઈ એન. શાહ** તેઓ શ્રી પાટણ જૈન મંડળમાં ટ્રસ્ટી પદ પર કાર્ય કરી રહ્યા છે. તેમને સમગ્ર પાટણ જૈન મંડળના પરિવારો તરફથી હાર્દિક શુભેચ્છા. અભિનંદન


**શ્રી પાટણ જૈન પંચાયત ફંડ** સંચાલિત

**શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા**

**ટાંગડિયા વાડો, પાટણ– ૩૮૪૨૬૫ • ફોન : ૦૨૭૬૬–૨૨૫૮૫૩**

**અન્નદાન.... પુણ્ય મહાન**

**ભુખ્યાને ભોજન... તરસ્યાને જલપાન**

**દૈનિક માત્ર રૂા. ૫૦૦૦/-નું દાન આપી**

**મેળવો ત્રણ ત્રણ લાભ**

- **સાધુ સાધ્વીજી ભગવંતોને સુપાત્ર દાન**
- **સાધર્મિક ભક્તિ**
- **મુમુક્ષુ ભક્તિનો લાભ**

**તો આવો જોડાઓ, ભોજનશાળાની નૂતન યોજનામાં સહભાગી બની આપના ઘરમાં આવતા દરેક પ્રસંગોને એક સંભારણું બનાવીએ.**

**વધુ વિગત માટે સંપર્ક : શ્રી ધર્મેશભાઈ જશવંતલાલ શાહ - મો. ૯૮૨૧૦૩૫૦૧૧**

**સૌજન્ય: મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ., મુંબઈ ✳ મે. કે. સેવંતીલાલ એન્ડ કાં., મુંબઈ**

ADVT

# અભિનંદન




ડંક મહેતાના પાડાના ઓસ્ટ્રેલિયામાં સ્થાયી થયેલ શ્રીમીતી ધારાબેન અને શ્રી મીતુલભાઈ દિપકભાઈ શાહના પુત્ર **શ્રી અર્ણવ શાહે** ઓસ્ટ્રેલિયામાં ૧૨ ધોરણના અભ્યાસમાં ઉત્કૃષ્ટ દેખાવ કર્યો એ બદલ ૧૦૦૦ ડોલરનું ઈનામ અને ત્રણ વર્ષ માટેની શિષ્યવૃત્તિ આપવામાં આવ્યા છે.

૧૮ વર્ષના **અર્ણવને ક્વિન્સલેન્ડ સર્ટિફિકેટ ઓફ એજ્યુકેશન અચીવમેન્ટ એવોર્ડ** પણ એનાયત કરવામાં આવ્યો છે. ઓસ્ટ્રેલિયન ટર્સરી એડમિશન રેન્ક તરીકે આપવામાં આવતો સ્કોર ૯૯.૯૫ છે, જે એના ઉત્તમ અભ્યાસનો પુરાવો છે.

**શ્રી અર્ણવને** બ્રિસ્બેન સ્ટેટ હાઈ સ્કૂલની ૨૦૨૫ લીડરશિપ એન્ડ લર્નિંગ સેરેમનીમાં જ્યોર્જ લોકી કપ પણ એનાયત કરવામાં આવ્યો છે તે બદલ આપને ખુબ ખુબ અભિનંદન

**Komal Manish Shah (Kanasano Pado)**

I am extremely grateful to be nominated as a **Padma Shri Awardee.** The hard work and dedication invested over the past 9 years may seem like a small journey, but it carries a great intent to represent India and promote our **classical dance and music as therapeutic mediums.** I feel blessed that God has acknowledged my efforts in such a short span of time. I remain committed and strong in my mission to promote our art and culture worldwide.







**Mr. Sonirbhai Mahendrabhai Sandesara (Keshu Sethno Pado)**

**"Emerging Global SME of the year Award** (Medium category) Manufacturing Sector - Chemicals 2023 - 2024 awarded to JEEVAN CHEMICALS PVT. LTD. from Honourable Governor of Maharashtra Shri C. P. Radhakrishnan during India SME Excellence award event organised by SME Chamber of India.

**શ્રીમતી દિપલ નિલેશભાઈ પત્રાવાલા** (મનમોહનજીની શેરી) મમતા જ્વેલર્સ, વિલેપર્લા (વે), જૂહુ. તા. ૮ માર્ચ ૨૦૨૫ના રોજ **મહિલા લાઈફટાઈમ અચીવમેન્ટ એવોર્ડ** ડાયરેક્ટ સેલિંગ ઈન્ડસ્ટ્રીમાં મળ્યો છે. સ્મૃતિ ઈરાની દિલ્હીના સીએમ, ઉત્તરાખંડના સીએમ પણ હાજર હતા. ૧૩ હજાર મહિલા વચ્ચે આ પુરસ્કાર આપવામાં આવ્યો હતો.



# સિદ્ધહેમ જ્ઞાનપીઠ જ્ઞાનસત્ર





**તા. ૧૫મી અને ૧૬મી માર્ચ,** પાટણમાં યુનિર્વસિટી કોન્વોકેશન હોલમાં **પ.પૂ. આચાર્ય ભગવંત વિજય જગ્ગચંદ્ર સૂરી મા.સા.ની** નિશ્રામાં યોજાયેલ જ્ઞાનસત્ર ભવ્ય રીતે સંપન્ન થયું. ૫૫ થી વધુ સાધુ-સાધ્વીજી ભગવંતો અને ૧૨૫ જેટલી વ્યક્તિઓની હાજરીમાં યોજાયેલ **જ્ઞાનસત્રનું યુટ્યુબ દ્વારા જીવંત પ્રસારણ** દેશ-વિદેશમાં સેંકડો લોકોએ બહુ રસ પ્રદ રીતે માળ્યું અને અભ્યાસ કર્યો.

પ્રથમ દિવસે **કુલપતિશ્રી ડૉ. કીશોરકુમાર પોરિયા** અને પાટણ જૈન મંડળના **પ્રમુખશ્રી દાનેશભાઈ** તથા બીજા મહાનુભાવોએ દીપ પ્રગટાવી અને પ.પૂ. આચાર્ય ભગવંતના માંગલિકથી સત્રની શરૂઆત થઈ. પોતાના પ્રવચનમાં **આચાર્ય ભગવંતો હેમચંદ્રાચાર્ય** જેમણે **શ્રી સિદ્ધહેમ વ્યાકરણ રચ્યું,** તેમાં સાડાત્રણ કરોડ શ્લોકોની રચના કરી તેવા મહાપુરુષનું નામ જે યુનિર્વસિટી સાથે જોડાયેલું છે, તેમાં જૈન સાહિત્ય, પ્રાકૃત અને સંસ્કૃતના જ્ઞાનના અભ્યાસ માટે ખાસ પ્રયત્નોની આવશ્યકતા વિશે ભાર મુક્યો હતો.

બે દિવસમાં પ્રાકૃત (ભગવાન મહાવીર સ્વામીએ જે ભાષામાં ઉપદેશ આપ્યો હતો) તે વિશે જૈન સાહિત્યના વિવિધ વિષયો પર ૧૨ જેટલા વિદ્વાનોએ જ્ઞાનની ગંગા વહાવી હતી. જેમાં મુખ્ય **શ્રી પદ્મશ્રી ડૉ કુમારપાળ દેસાઈ, ડૉ. સલોની જોષી, ડૉ. અભયભાઈ દોશી, ડૉ. માના શાહ, ડૉ. રમઝાનભાઈ હસાનિયા, ડૉ. કમલકુમાર જૈન, ડૉ. ધરમચંદ્ર જૈન, ડૉ. સેજલબેન શાહ, ડૉ. રવિન્દ્રકુમાર ખાંડવાલા, શ્રી મનીષભાઈ મોદી** વિગેરેએ પોતાની વદ્વતાનો પરિચય આપ્યો હતો. બન્ને દિવસ **જ્ઞાનસત્રનું સંચાલન ડૉ. પારસભાઈ શાહે** સુંદર રીતે કર્યું હતું.

જ્ઞાન સત્રમાં જૈન ગ્રંથો-સાહિત્ય અને ભાષાના અભ્યાસ કેવી રીતે વધારે પ્રસારી શકાય તેના વિશે પ.પૂ. આચાર્ય અને પધારેલ વિદ્વાનો તથા **હેમચંદ્રાચાર્ય ઉ.ગુજરાત યુનિર્વસિટીના શ્રી કીશોરકુમાર પોરીયા** એ ઉંડાણમાં ચર્ચા કરી હતી. ઓનલાઈન કોર્સ, પોસ્ટલ કોર્સ ઉપર વિદ્યાર્થીઓને વિવિધ વિષયો ઉપર અભ્યાસ કરવાની સરળતા રહે તે માટેની વિચારણા કરવામાં આવી.

શ્રી સિદ્ધહેમ જ્ઞાનપીઠ અને હેમચંદ્રાચાર્ય ઉ. ગુજરાત યુનિર્વસિટી નજીકના ભવિષ્યમાં આ અભ્યાસ કાર્યક્રમને આકાર આપીને વહેલી તકે કાર્યવંત કરવા યોગ્ય પગલા લેશે અને યુનિર્વસિટી તરફથી તેજસ્વી વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ પણ આપવામાં આવશે.

યુનિર્વસિટીના પદાધિકારીઓ પ.પ. આચાર્ય ભગવંતો અને સાધુ-સાધ્વીજી ભગવંતો વિદ્વાનો તથા શ્રોતાઓએ આપેલા સહકાર અને માર્ગદર્શન માટે સિદ્ધહેમ જ્ઞાનપીઠ દ્વારા આભાર માનવામાં આવ્યો હતો.

ઉપસ્થિત પરમ પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતો તેમજ વિદ્વાનોએ એવી ભાવના વ્યક્ત કરી હતી કે જૈન સમાજના વધારેને વધારે જ્ઞાન મેળવે વધારે જાગૃત થાય તો જૈન સમાજ સમૃદ્ધ બનશે.

જ્ઞાનસત્રનું Live પ્રસારણ U-Tube પર નીચેની Link થી કરવામાં આવ્યું હતું.

***Link for Day 1 - 15-03-2025***

**https://youtube.com/live/b7FkLWizfmc?feature=share**

***Link for Day 2 - 16-03-2025***

**https://www.youtube.com/live/qdwglcRbZcl?si=z14d-WOCUx4uTV2C**

આ ઉપરોક્ત Link પર હજીપણ તે જોઈ શકાશે. આશા છે તેનો લાભ લેશો. એક અઠવાડિયા જેવા સમયમાં પ્રત્યેક વક્તાઓના જુદા જુદા વ્યાખ્યાનો પણ યુટ્યુબના માધ્યમે મુકાશે.

**-: સૌથી મહત્વનું :-**

**હૃદય પૂર્વકની આશા રાખીએ છીએ કે જૈન સમાજ જ્ઞાન પ્રત્યે વધુને વધુ જાગૃતિ બતાવે અને ભવિષ્યમાં મુકાનારા અભ્યાસક્રમમાં ભાગ લેશે તોજ આ જ્ઞાનસત્રને સફળતા મળશે.**

## સાભાર સ્વીકાર

**લોનાવાલા હોલી ડે હોમ પ્રોજેક્ટ ભેટ :**

૧૦,૦૦,૦૦૦/- શ્રી હેમચંદ્રભાઈ જીવણલાલ શાહ (કસુંબીયા વાડો)

૨૫,૦૦,૦૦૦/- શ્રી સંદિપભાઈ કીર્તિલાલ શાહ (કેશુશેઠનો પાડો)

૧૧,૬૦,૦૦૦/- શ્રી હેમંતભાઈ કાંતિલાલ શાહ (સાલવી વાડો)

૫,૦૦,૦૦૦/- શ્રીમતી વીરમતીબેન જિતેન્દ્રભાઈ મણિલાલ શાહ (ભાભાનો પાડો)

૨,૮૫,૦૦૦/- શ્રીમતી પ્રજ્ઞાબેન દિપકકુમાર રેવંતિલાલ શાહ (કનાસાનો પાડો)

૨,૫૦,૦૦૦/- શ્રીમતી શિલ્પાબેન પંકજભાઈ ગુલાબચંદ શાહ (કનાસાનો પાડો)

**સૌરભ મેડિકલ હેલ્થકેર ભેટ :**

૨૫,૦૦,૦૦૦/- શ્રીમતી પુષ્પાબેન હસમુખલાલ શાહ તથા શ્રીમતી શિલ્પાબેન પ્રકાશભાઈ શાહ પરિવાર હ. શ્રી ધીરેનભાઈ-સોનલબેન, શ્રી બિમલભાઈ - પારૂલબેન, શ્રી ચિતનભાઈ-યુતીબેન, શ્રી દર્શનભાઈ-નિશિતાબેન (અબજી મહેતાનો પાડો)

**શ્રી સિદ્ધહેમ જ્ઞાનપીઠ ભેટ :**

૧,૦૦,૦૦૦/- શ્રીમતી પરેશાબેન પ્રકાશભાઈ શાહ યુ.એસ.એ. (લખિયારવાડો)

૨૫.૦૦૦/- સ્વ. શ્રીમતી પુષ્પાબેન દેવેન્દ્રકુમાર શાહના સ્મરણાર્થે (તંબોલીવાડો) હ. શ્રી નિકીતાબેન દેવેન્દ્રકુમાર શાહ

૨૫,૦૦૦/- શ્રી અતુલભાઈ જયંતિલાલ સફરી (ગોદડનો પાડો)

૧૧,૦૦૦/- શ્રી મનોજભાઈ ચીનુભાઈ શાહ (મલ્લાતનો પાડો)

**દિવ્યાંગ ઉત્કર્ષ ભેટ :**

૨૫,૦૦૦/- શેઠ અમીચંદ પનાલાલ આદિશ્વરજી ટેમ્પલ ચેરીટેબલ ટ્રસ્ટ

**સમાજ ઉત્કર્ષ ભેટ :**

૫૦,૦૦૦/- શ્રીમતી પરેશાબેન પ્રકાશભાઈ શાહ યુ.એસ.એ. (લખિયારવાડો)

**જીવન નિર્વાહ ભેટ :**

૫,૫૦,૦૦૦/- શ્રીમતી પુષ્પાબેન હસમુખલાલ શાહ તથા શ્રીમતી શિલ્પાબેન પ્રકાશભાઈ શાહ પરિવાર હ. શ્રી ધીરેનભાઈ-સોનલબેન, શ્રી બિમલભાઈ - પારૂલબેન, શ્રી ચિતનભાઈ-યુતીબેન, શ્રી દર્શનભાઈ-નિશિતાબેન (અબજી મહેતાનો પાડો)

**મેડિકલ ભેટ :**

૨,૫૧,૦૦૦/- શ્રીમતી દેવિન્દ્રાબેન ચંદ્રકાંભાઈ શાહ હ. શ્રી ચંદ્રકાંતભાઈ લહેરચંદ શાહ (ઝવેરી વાડો)

૨૫,૦૦૦/- શ્રી અતુલભાઈ જયંતિલાલ સફરી (ગોદડનો પાડો)

૫,૨૫૦/- મે. આશાદીપ ચેરીટેબલ ટ્રસ્ટ

## વાચકોને ખાસ નમ્ર વિનંતી

મુંબઈમાં વસતા આપણા પરિવારોને પ્રતિબિંબની પત્રિકા મળતી નથી તે બાબતની ફરિયાદ આવે છે, બધાને વિનંતી કે આમાં આપણાં તરફથી કે પ્રિન્ટીંગ પ્રેસ તરફથી કાંઈ કરી શકતા નથી. દર મહિને ઘણી પત્રિકાઓ પાછી આવે છે. જે સરનામું ખોટું છે કે અધુરૂ કે રહેણાંક જગ્યાએ બંધ છે તે કારણથી પત્રિકા પાછી આવે છે. દર મહિને ૩૨૦૦ પત્રિકા પોસ્ટ કરીએ છીએ. કેટલાંક પરિવારોને પત્રિકા મળતી નથી. આથી પત્રિકા જો પોસ્ટમાં ન મળે તો તેઓને વેબસાઈટ - www. patanmandal.org ઉપર જેમાં દર મહિનાની ૩૦ તારીખ દરમ્યાન વેબસાઈટ પર પત્રિકા મુકવામાં આવે છે.

**સંપર્ક : 8779161209**

આપ સૌને વિનંતી છે કે તમારું પુરુ સરનામું ઈમેઈલ એડ્રેસ સાથે મોકલી આપો.

## શ્રદ્ધાંજલિ

સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના દુઃખદ અવસાનની સખેદ નોંધ લઈ, તેઓના પરિવારના દુઃખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માઓને ચિરઃશાંતિ અર્પે એ જ પ્રાર્થના..

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | વય | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| વિશા શ્રીમાળી | પોળની શેરી | અશ્વીનભાઈ અમરતલાલ શાહ | ૭૭ | તારદેવ | ૦૯-૦૧-૨૫ | પોષ વદ ૧૦ |
| વિશા શ્રીમાળી | વખતજીની શેરી | નવીનચંદ્ર પ્રેમચંદ્ર શાહ | ૯૦ | વાલકેશ્વર | ૨૦-૦૨-૨૫ | મહા વદ ૦૭ |
| વિશા શ્રીમાળી | પોળની શેરી | રશ્મિકાબેન દિલીપભાઈ શાહ | ૬૫ | સુરત | ૨૫-૦૨-૨૫ | મહા વદ ૧૨ |
| વિશા શ્રીમાળી | શાંતિનાથની પોળ | જતીનભાઈ પોપટલાલ પાલેજવાળા | ૭૫ | ગોરેગામ | ૦૮-૦૩-૨૫ | ફાગણ સુદ ૦૭ |
| વિશા પોરવાળ | મલ્લાતનો પાડો | રમેશભાઈ સનાલાલ શાહ | ૮૯ | ઈન્દોર | ૧૦-૦૩-૨૫ | ફાગણ સુદ ૧૧ * ✸ ● |
| વિશા શ્રીમાળી | મણિયાતી પાડો | ભદ્રેશભાઈ ચુનીલાલ શાહ | ૭૨ | કાંદિવલી | ૧૫-૦૩-૨૫ | ફાગણ વદ ૦૧ |
| વિશા શ્રીમાળી | ભાભાનો પાડો | ચંદ્રકળાબેન સુમનભાઈ શાહ | ૮૧ | સાંતાક્રુઝ | ૧૯-૦૩-૨૫ | ફાગણ વદ ૦૫ |

* ચક્ષુદાન કરેલ છે ✸ દેહદાન કરેલ છે ● ત્વચાદાન + અંગદાન (દેહદાન કરો અને કરાવો) **(યુવાનીમાં રક્તદાન, મૃત્યુબાદ ચક્ષુદાન)**



## સંકલ્પ ગ્રુપ - બોરીવલી (વે)

બોરીવલી (વે)માં પાટણના પરિવારોની મહિલાઓનું સંકલ્પ ગ્રુપ છેલ્લા ૧૪ વર્ષથી ચાલે છે. વર્ષ દરમ્યાન લગભગ ૩ થી ૪ પ્રોગ્રામનું આયોજન કરે છે. દિનાક ૨૯-૦૧-૨૦૨૫ના દિવસે એક દિવસીય જાત્રા તથા પિકનિકનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. લોઢાધામ, મહાવીરધામમાં પ્રભુ ભક્તિ કરી સૌ વિરાર સ્થિત વિલામાં ગયા હતા. ત્યાં આખો દિવસ સુંદર Theme based games મુશાયરો એવા વિવિધ પ્રોગ્રામ ને સૌએ ખુબ માણ્યો હતો. It was a memorable trip for all the members.

## શ્રી પંચાસરા પાર્શ્વનાથ

શ્રી પંચાસરા પાર્શ્વનાથ તથા શ્રી સુપાર્શ્વનાથ જિનાલયની સાલગીરી નિમિત્તે આત્મિયતા ભર્યુ આમંત્રણ!

શ્રી પંચાસરા પાર્શ્વનાથ જનીલયની '૭૦'મી સાલગીરી તથા શ્રી સુપાર્શ્વનાથ જિનાલયની '૨' જી સાલગીરી પ્રસંગે પધારવા નેહ નીતરતું નિમંત્રણ! જેઠ સુદ ૪, શુક્રવાર તા. ૩૦-૦૫-૨૦૨૫ના રોજ બન્ને જિનાલયમાં ૧૮ અભિષેક, આમંત્રિત મહેમાન તથા બહારગામથી આવેલ મહેમાન માટે ત્રણ ટાઈમની સાધર્મિક ભક્તિ!

**લાભાર્થી :** શ્રી પંચાસરા પાર્શ્વનાથ ભક્ત વર્ગ..!

જેઠ સુદ ૫, શનિવાર તા. ૩૧-૦૫-૨૦૨૫ના રોજ બન્ને જિનાલયમાં ધ્વજા સમારોહ બપોરના શ્રી સંઘ નવકારશીમાં પધારવા સસ્નેહ આમંત્રણ..

**લાભાર્થી :** શ્રીમતી જાસુદબેન મફતલાલ વાડીલાલ શાહ (ધાયણોજવાળા પરિવાર)

**નિમંત્રક :** શ્રી પંચાસરા પાર્શ્વનાથ જૈન દેરાસર, ટ્રસ્ટીગણ!

**કોઈપણ વિદ્યાર્થીને મહાવીર જૈન વિદ્યાલય અમદાવાદ ખાતે આ વર્ષે એડમિશન જોઈતું હોય તો મારી ટ્રસ્ટ સીટ ખાલી છે.**
**સંપર્ક : પ્રકાશભાઈ મહાસુખલાલ શાહ (અબજી મહેતાનો પાડો) મોબાઈલ નં. 9322661112**

## દિવ્યાંગ ઉત્કર્ષ

**તા. ૫મી માર્ચ ૨૦૨૫ ના** રોજ પાટણ નાણાવટી સ્કૂલ ખાતે દિવ્યાંગ નારીઓ સાથે દીશાના બાળકોને સાથે રાખીને એક કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં સુરતથી મંગાવેલા નવા પંજાબી સુટ, હાઈજીન કીટ વિગેરેનું વિતરણ કરવામાં આવ્યું હતું. સૌને ભોજન કરાવવામાં આવ્યું હતું. દિવ્યાંગના બાળકોને **તારંગાનો પ્રવાસ** કરાવ્યો હતો. તેમની સાથે આહના અને યશમુખભાઈ શાહની બર્થ ડે પાર્ટી વર્ધમાન સંસ્કાર ધામ પાર્લા અને **બાબુ અમીચંદ પનાલાલ ટ્રસ્ટ** દીશાના બાળકો સાથે ૩૫૦ બ્લેન્કેટનું વિતરણ કરી ખુબજ સુંદર રીતે ઉજવવામાં આવ્યું હતું. આ સાથે પાંજરાપોળ, ભોજનશાળા, ધર્મશાળા, જ્ઞાનશાળા, આયંબીલ શાળા, ઉપાશ્રય, અતિથિગૃહ અને કનાસા કલ્યાણ કેન્દ્રમાં કામ કરતા કર્મચારીઓ તથા પૂજારીઓ અને કાજાવાળાને સામગ્રી વિતરણ કરવામાં આવી હતી.







Postal Regd. No. MCS / O84 / 2021-23 W.P.P. License No. MR/TECH/WPP-120/South/2021-23.
PATAN PRATIBIMB ● March 2025 ● PRICE Rs. 2/- ● Published on 20th of every month
● Posted at Patrika Chennel Sorting Office, Mumbai-400001 on 25th and 26th of every month

## જીવન નિર્વાહ સહાય યોજના

**રૂા. ૩૧ લાખના મુખ્ય દાતા**

૧. શ્રી ભરતભાઈ બાલુભાઈ શાહ (ઢંઢેરવાડો)

**રૂા. ૧૧ લાખના સહાયક દાતા**

૧. શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાળા) પરિવાર (કનાસાનો પાડો)
૨. શ્રી કીર્તિલાલ બાલુભાઈ શાહ પરિવાર (કેશુશેઠનો પાડો)
૩. શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાંતિલાલ શાહ (પોળની શેરી)
૪. શ્રીમતી કિન્નરીબેન દીપકભાઈ મફતલાલ શાહ (ડંકમહેતાનો પાડો)
૫. શ્રી રમણલાલ પોપટલાલ શાહ પરિવાર (કુંભારીયા પાડો)
૬. શ્રી દીપકભાઈ રેવંતીલાલ શાહ (કનાસાનો પાડો)

## સમાજ ઉત્કર્ષ સહાય યોજના

**રૂા. ૧૧ લાખના સહાયક દાતા**

૧. શ્રી હેમંતભાઈ કાંતિલાલ શાહ (સાલવી વાડો)
૨. શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાહ (પોળની શેરી)
૩. શ્રીમતી વસુમતીબેન સેવંતીલાલ શાહ પરિવાર (ચિતારાની ખડકી)
૪. શ્રીમતી કુસુમબેન રસિકલાલ શાહ (ડંકમહેતાનો પાડો)
૫. શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી (મનમોહનજીની શેરી)
૬. સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ (કુંભારીયા પાડો)
૭. શ્રી પ્રવિણભાઈ કાંતિલાલ શાહ (USA)

Printed & Published by BHARATI BHAGUBHAI SHAH on behalf of SHREE PATAN JAIN MANDAL and Printed at Arihant Printing Press, Bldg. No. 310, Saibaba Nagar, Pant Nagar, Ghatkopar (E), Mumbai-400075. And Published at 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020.

**Editor : BHARATI BHAGUBHAI SHAH**

TO,